જાન્યુઆરી ૨૦૧૭

# દાદાવાણી

કિંમત ₹ ૧૦



વિષયમાં તો સુખ હોતું હશે ? સાચું સુખ તો મહીં આત્મામાં છે પણ આ તો બહાર બીજામાં (પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં) સુખનો આરોપ કરે છે, તેથી એને એમાં સુખ લાગે છે !

**તંત્રી : ડિમ્પલ મહેતા**
વર્ષ : ૨૨, અંક : ૫
સળંગ અંક : ૨૫૭
**જાન્યુઆરી ૨૦૧૭**

**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :**(૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
દાદાવાણી ફરિયાદ માટે : ૮૧૫૫૦૦૭૫૦૦

**Printed & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Owned by**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Printed at**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.
**Published at**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**કુલ ૩૨ પેજ કવર પેજ સાથે**

**લવાજમ (ગુજરાતી)**
**૧૫ વર્ષ**
ભારત : ૭૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫૦ ડોલર
યુ.કે. : ૧૦૦ પાઉન્ડ
**વાર્ષિક સભ્ય**
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## સમજ શમાવે વિષયમાં સુખબુદ્ધિ

### સંપાદકીય

પંચમ આરાના આ દુષમકાળમાં ચારેય બાજુ વાતાવરણ જ વિષયાગ્નિનું ફેલાઈ ગયું છે. વિષયરસ એ ક્યારે મનુષ્યને બેભાનતામાં લાવી દે એ કળવું મુશ્કેલ છે. પહેલાના વખતમાં માન, કીર્તિ, પૈસા બધે મોહ વેરાયેલો હતો, હવે તો બધો મોહ એકમાત્ર વિષયમાં ખૂંપી જાય છે. આ કાળમાં બ્રહ્મચર્ય પાલન કરતા હોય તો પણ મહીં વિષયરુચિની ગાંઠ કેટલાય અવતારથી પડેલી છે, એ સંજોગો મળતા ફૂટી આવે છે.

જ્યાં સુધી પુદ્‌ગલ સુખ લેવાની દાનત પડી છે, ત્યાં સુધી આત્મસુખને સ્પર્શી શકતો નથી. લોકોએ અજ્ઞાન માન્યતાથી વિષયમાં સુખ માણ્યું, પણ બ્રહ્મચર્ય સંબંધી તેઓની દૃષ્ટિ કેવી રીતે ખીલે કે જેથી સર્વે અવળી માન્યતાઓ છૂટી જાય ને મહામુક્તદશાની પ્રાપ્તિનું મૂળ કારણ સ્વરૂપ ભાવ બ્રહ્મચર્ય સમજણમાં યથાર્થ રીતે ફીટ થાય તે જરૂરી છે. વિષયી સુખોની મૂર્છા ક્યારેય મોક્ષે જવા ના દે પરંતુ અહીં પરમ પૂજ્ય દાદાશ્રી વિષય સંબંધી સુખોની વાસ્તવિકતા ખુલ્લી કરે છે. જેના થકી સાધકને જાગૃતિ ઊભી થાય, સાચા સુખની સમજ ઉત્પન્ન થાય તથા લોકસંજ્ઞા અને અજ્ઞાન માન્યતાને લીધે મનાતા વિષયી સુખમાં ખરેખર સુખ નથી જ એનું ભાન થાય છે.

કૃપાળુદેવે કહ્યું છે કે આવરણિક દૃષ્ટિથી વિષયમાં સુખ મનાયું છે. અપરિચ્છેદ રીતે વર્ણવો તો એમાં સુખ નથી અને જેને આત્માનું સ્પષ્ટવેદન આ દેહે જ અનુભવવું હોય, તેને શુદ્ધ બ્રહ્મચર્ય વિના એની પ્રાપ્તિ શક્ય નથી. જ્યાં સુધી 'વિષયમાં સુખ છે' એવી સૂક્ષ્માતિસૂક્ષ્મ રોંગ બિલીફ છે, ત્યાં સુધી વિષયના પરમાણુ સંપૂર્ણપણે નિર્જરી જતા નથી. એ રોંગ બિલીફ સંપૂર્ણ, સર્વાંગપણે ઊડે ત્યાં સુધી સમજણથી જાગૃતિ અતિ અતિ સૂક્ષ્મપણે રાખવી ઘટે.

અક્રમ વિજ્ઞાનમાં સમજણ પર ખૂબ ભાર મૂક્યો છે. દાદાશ્રી કહે છે સમજમાં અહંકાર નથી. સમજણથી જો બ્રહ્મચર્યનો ધ્યેય બંધાશે તો એના અડગ મિનારા કોઈ સંજોગો હલાવી નહીં શકે અને આ સમજ સોનાની કટાર સમ છે, માટે એનો અવળો ઉપયોગ પોતાને જ જોખમકારક બની બેસે.

પ્રસ્તુત અંકમાં અજ્ઞાનને કારણે 'વિષયમાં સુખ છે' એવી જે સુખબુદ્ધિ ઊભી થાય છે, એ સુખની બિલીફને પરિણામે પોતાને પરવશતા-લાચારી અનુભવાય છે. દાદાશ્રી જ્ઞાનની યથાર્થ સમજણ આપીને એની સામે કેવી રીતે જાગૃતિ ગોઠવવી, સામાયિક-પ્રતિક્રમણ થકી કેવી રીતે બિલીફોને ઓગાળવી અને દોષમુક્ત થવું તે વૈજ્ઞાનિક ઢબે ઊંડાણપૂર્વક સમજાવે છે. એમની ક્રિયાકારી વાણીથી સાધકના સમજણના દ્વાર ખુલ્લા થઈ વિષયરૂપી ભ્રાંતરસ સંપૂર્ણપણે ઓગળે એ જ અભ્યર્થના.

**જય સચ્ચિદાનંદ.**

# સમજ શમાવે વિષયમાં સુખબુદ્ધિ

## સમજણથી છેદાય વિષયસુખની બિલીફ

**પ્રશ્નકર્તા :** કામવાસનાનું સુખ ક્ષણિક જાણવા છતાં ક્યારેક તેની પ્રબળ ઈચ્છા થવાનું કારણ શું ? અને તે કઈ રીતે અંકુશમાં લઈ શકાય ?

**દાદાશ્રી :** કામવાસનાનું સ્વરૂપ જગતે જાણ્યું જ નથી. કામવાસના શાથી ઉત્પન્ન થાય છે, એ જો જાણે તો એ કાબૂમાં લઈ શકાય. પણ વસ્તુસ્થિતિમાં એ ક્યાંથી ઉત્પન્ન થાય છે એ જાણતો જ નથી, પછી શી રીતે કાબૂમાં લઈ શકે ? કોઈ કાબૂમાં લઈ ના શકે. જેણે કાબૂમાં લીધેલું છે એવું દેખાય છે, એ તો પૂર્વેની ભાવનાનું ફળ છે. બાકી કામવાસનાનું સ્વરૂપ ક્યાંથી ઉત્પન્ન થયું, એ ઉત્પન્ન દશા જાણે, ત્યાં જ તાળું મારવામાં આવે તો જ એ કાબૂમાં લઈ શકે. બાકી પછી એ તાળાં મારે કે ગમે તે કરે તોય કશું ચાલે નહીં. કામવાસના ના કરવી હોય તો અમે રસ્તો દેખાડીએ.

**પ્રશ્નકર્તા :** વિષયમાંથી વિરક્ત થવાની તીવ્ર ભાવના હોય તો પછી એનાથી આસ્તે આસ્તે નીકળી જવાય ?

**દાદાશ્રી :** હા, એ જે તમન્ના છે, એ જ આમાંથી છોડાવે. પણ વિષયની કિંમત સમજી લેવી જોઈએ, કે આની કિંમત કેટલી ? ઊતરેલી દાળની કિંમત છે, ઊતરેલી કઢીની કિંમત છે, પણ વિષયની કિંમત નથી. પણ આ વાત આખા જગતને સમજાય નહીં ને !

**પ્રશ્નકર્તા :** એટલે એ તો શૂન્ય થયું ?

**દાદાશ્રી :** શૂન્ય તો સારું, પણ આ તો નર્યું માઈનસ જ છે.

મનુષ્યને બેક (પાછલું) જોવાની શક્તિ જ નથી ને ! એટલે વિષય ચાલુ રહ્યો છે. જુઓ ને, પાછા રોફથી ચાલે જ છે ને ? એટલે જ્ઞાની પુરુષ પાસે વાતને સમજે તો વિષય જાય ને તો મુક્તિ થાય. વિષયને લઈને તો આ બધું અટક્યું છે.

## સાચી સમજણ ક્રિયાકારી થાય

**પ્રશ્નકર્તા :** જ્ઞાન લીધા પછી નિરાકુળતા વર્તાય છે, છતાંય વિષયમાં આસક્તિ કેમ રહી જાય છે ?

**દાદાશ્રી :** વિષયો તો જાનવરોને હોય. આ તો ખાલી આસક્તિ જ છે. મહીં એવો માલ ભર્યો છે, તે હજી એના મનમાં શ્રદ્ધા છે કે એમાં સુખ છે. બાકી વિષય તો કોનું નામ કહેવાય કે પરવશપણે કરવું પડે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના આધારે પરવશપણે કરવું પડે. તે આ જાનવરોને બિચારાને એવું હોય છે.

**પ્રશ્નકર્તા :** અબ્રહ્મચર્યનો માલ પૂર્વેનો ભરી લાવેલો છે ને ? તો પછી આ જન્મમાં શું કરે એ ?

**દાદાશ્રી :** એણે આ જન્મમાં ફરી નવેસરથી સમજવું જોઈએ કે આ બ્રહ્મચર્યનો માલ પૂર્વે ભર્યો નથી. હવે નવેસરથી આ ભરવો જોઈએ. પાછલું શું ગલન થઈ રહ્યું છે, તે ફરી ઊભું ના થવું જોઈએ.

**પ્રશ્નકર્તા :** સમજવા છતાં જગતના વિષયોમાં મન આકર્ષાયેલું રહે છે, સમજીએ છીએ કે સાચું-ખોટું શું છે છતાં વિષયોમાંથી છૂટાતું નથી, તો એનો ઉપાય શો ?

**દાદાશ્રી :** જે સમજણ ક્રિયાકારી હોય તે જ સાચી સમજણ કહેવાય, બીજી બધી વાંઝિયા સમજણ કહેવાય. દા.ત. બે શીશી હોય. હવે એક શીશીમાં વિટામીનનો પાવડર હોય, બીજી શીશીમાં પોઈઝન હોય, બન્નેમાં સફેદ પાવડર હોય તો આપણે છોકરાને સમજ પાડીએ કે આ વિટામીન છે તે લેજે અને આ બીજી શીશીમાંથી ના લઈશ. બીજી શીશીમાંથી લઈશ તો મરી જઈશ. એટલે એ છોકરો 'મરી જઈશ' શબ્દ સાંભળ્યો એટલે એ સમજી ગયો

નથી. બોલે ખરો કે આ દવા લેવાથી મરી જવાય, પણ મરી જવું એટલે શું, એ સમજતો નથી. આપણે એને કહેવું પડે, કે ફલાણા કાકા તે દહાડે મરી ગયા'તા ને ? પછી બધાએ એને ત્યાં બાળી મેલ્યા'તા, એવું આ દવાથી થાય. એવી જ્યારે એક્ઝેક્ટ (યથાર્થ) સમજ પડે ત્યારે એ સમજ જ ક્રિયાકારી થાય. પછી એ પોઈઝનને અડે જ નહીં. અત્યારે આ સમજની એને એક્ઝેક્ટનેસ આવી નથી. આ સમજ તો લોકોએ શીખવાડેલી લોન તરીકે લીધેલી છે.

**પ્રશ્નકર્તા :** એ સમજ ક્રિયાત્મક થાય, તે માટે શું પ્રયત્ન કરવો ?

**દાદાશ્રી :** હું તમને વિગતવાર સમજણ પાડું. પછી એ સમજણ જ ક્રિયા કર્યા કરે, તમારે કશું કરવાનું નહીં. તમે ઊલટો ડખો કરવા જાવ તો બગડી જાય. જે જ્ઞાન, જે સમજણ ક્રિયાકારી હોય, તે સાચી સમજણ છે અને તે સાચું જ્ઞાન છે.

મારી વાત તમને ઠોકી બેસાડવાની નથી. તમને તમારી પોતાની જ સમજમાં આવવું જોઈએ. મારી સમજ મારી પાસે અને એ સમજ તમને ઠોકી બેસાડાય નહીં અને એમ ઠોકી બેસાડવાથી તો કશું કામ જ ના થાય. તમને એ સમજ બેસી જાય અને પછી તમે તમારી સમજથી ચાલો.

## બેભાનપણામાં ચૂંથારો ચૂંથ્યો

**પ્રશ્નકર્તા :** વિષયમાં સૌથી વધારે મીઠાશ માનેલી છે, તો કયા આધારે માનેલી છે ?

**દાદાશ્રી :** એ જે મીઠાશ એને લાગી ગઈ અને બીજી જગ્યાએ મીઠાશ જોઈ નથી, એટલે એને વિષયમાં મીઠાશ બહુ લાગે છે. જોવા જાય તો વધારેમાં વધારે ગંદવાડો ત્યાં જ છે, પણ મીઠાશને લીધે એને બેભાનપણું થઈ જાય છે. એટલે એને ખબર નથી પડતી. જો આ વિષય એ ગંદવાડો સમજાય, તો એની મીઠાશ બધી ઊડી જાય.

**પ્રશ્નકર્તા :** એમાં સાચું સુખ નથી પણ લિમિટેડ ટાઈમ માટે તો છે, છતાંય એ છૂટતું નથી ને !

**દાદાશ્રી :** વિષયમાં એટલો બધો ગંદવાડો છે કે એનો નિબંધ લખવો હોય તો નિબંધ લખતાં જ ચીતરી ચઢે. આ તો ઠીક છે, એક જાતની હેબિટ પડી ગઈ છે. મૂળ અજ્ઞાનતામાં, બેભાનપણામાં ચૂંથારો ચૂંથ્યો. હવે ભાન થયા પછી શું કંટાળો ના આવે ? આ તદ્દન ગંદવાડાનું સુખ છોડવાનું છે. એ તો ગંદવાડો દેખીને જ છોડી દેવાનું છે. જો આ વિષયનું સુખ છોડી દે, તો આખી દુનિયાનો માલિક થઈ જાય. ખરેખર તો એ સુખ જ ન હોય. જો કોઈ બુદ્ધિશાળી માણસ એ ગંદવાડાનો હિસાબ કાઢે તો એ ગંદવાડા ભણી જાય જ નહીં ! હમણાં કેળાં ખાવાના હોય તો એમાં ગંદવાડો નથી અને એ ખાવાથી સુખ ખરું, પણ આ તો નર્યા ગંદવાડાને જ સુખ માન્યું છે. શા હિસાબે માને છે, તેય સમજાતું નથી !

## વિષયના પૃથક્કરણ થકી નિપજે વૈરાગ

એવું છે ને, મનુષ્યોએ વિષયનું તો પૃથક્કરણ કરી જોયું નથી. જો માનવધર્મ તરીકે વિષયનું પૃથક્કરણ કરે, જેમ કે કોઈ વસ્તુનું આપણે પૃથક્કરણ કરીએ ને એમાં શું શું વસ્તુઓ ભળેલી છે એમ જુદું પાડીએ, એવી રીતે વિષયનું જો પૃથક્કરણ કરે તો માણસ વિષય કોઈ દહાડો ફરી કરે નહીં. બે દહાડાથી વધારાનું વાસી ભજિયું ખવાય જ નહીં, છતાંય પણ ત્રણ મહિનાના વાસી ભજિયાં ખાધા હોય તોય એ જીવતો રહેશે, પણ વિષય કરે તો એ જીવતો નહીં રહે. વિષય એ એવી વસ્તુ છે, એનું પૃથક્કરણ કરે તો પોતાને વૈરાગ જ રહ્યા કરે.

વિષયનું તને પૃથક્કરણ કરતાં આવડે છે ?

**પ્રશ્નકર્તા :** ના, આપ જણાવો.

**દાદાશ્રી :** પૃથક્કરણ એટલે શું કે વિષય એ આંખે ગમે એવા હોય છે ? કાને સાંભળે તો ગમે ? અને જીભથી ચાટે તો મીઠું લાગે ? એકુંય ઇન્દ્રિયને

ગમતું નથી. આ નાકને તો ખરેખરું ગમે ને ? અરે, બહુ સુગંધ આવે ને ? અત્તર ચોપડેલું હોય ને ? એટલે આવું પૃથક્કરણ કરે, ત્યારે ખબર પડે. આખું નર્ક જ ત્યાં પડ્યું છે, પણ આવું પૃથક્કરણ નહીં હોવાથી લોક મૂંઝાયું છે. ત્યાં જ મોહ થાય છે, એય અજાયબી જ છે ને !

## વિષય એ અજાગૃતિ

**પ્રશ્નકર્તા :** આ મનુષ્ય જાતિમાં બ્રહ્મચર્ય રહે નહીં, એનું શું કારણ ? મોહ છે ? રાગ છે ?

**દાદાશ્રી :** બુદ્ધિપૂર્વકનું સુખ નથી આ, અવિચાર્યું સુખ છે. લોકોએ માન્યું, એ આપણેય માન્યું. એ માન્યતાનું જ સુખ છે ખાલી અને જલેબી સુખદાયી છે એ બુદ્ધિપૂર્વકનું સુખ છે.

વિષય એ તો બુદ્ધિપૂર્વકનો ખેલ નથી, આ તો મનનો ખાલી આમળો જ છે. કોઈ પણ બુદ્ધિશાળી માણસ જો બુદ્ધિથી વિષયને સમજવા જાય તો બુદ્ધિ વિષયને લેટ ગો કરે નહીં. આ બુદ્ધિશાળીઓ લેટ ગો કરે છે, એનું શું કારણ ? લોકસંજ્ઞા પ્રમાણે ચાલે, એટલે પેલી બાજુનું આવરણ તૂટ્યું નથી.

એક જણે કહ્યું કે બુદ્ધિપૂર્વકમાં શું વાંધો છે ? ત્યારે મેં કહ્યું, બુદ્ધિપૂર્વકની ચીજો અજવાળામાં કરવાની હોય, સીક્રસી (ખાનગી) ના હોય. હજાર માણસની હાજરીમાં બેસીને જલેબી ખવાય ? જલેબીમાં વાંધો નહીં ને ? એને શરમ ના આવે ?

**પ્રશ્નકર્તા :** ના, શરમ ના આવે, રોફથી ખવાય !

**દાદાશ્રી :** એટલે વિષયને જો માણસ વિચારે ને, જો વિચાર કરતાં આવડે ને, તો એ વિષય ભણી કોઈ દિવસ જાય જ નહીં. પણ વિચાર કરતાં જ નથી આવડતું ને ! વિષય એ અજાગૃતિ છે. વિષય પોષાય જ કેમ કરીને ? જે વિચારે કરીને ગમે એવી વસ્તુઓ નથી, તે જ વસ્તુનો સંબંધ કેમ પોષાય ?

## વિકૃત વર્ણનથી બહેકી વિષયમાં વૃત્તિઓ

આ વિષયો બુદ્ધિથી દૂર થઈ જાય તેમ છે. (જ્ઞાન થતાં પહેલા) મેં વિષયો બુદ્ધિથી જ દૂર કરેલા. જ્ઞાન ના હોય તોય વિષયો બુદ્ધિથી દૂર થાય. આ તો ઓછી બુદ્ધિવાળા છે, તેથી વિષય રહેલા છે.

**પ્રશ્નકર્તા :** આ બુદ્ધિશાળીઓ પણ વિષયોનું 'વેરીફિકેશન' (યોગ્ય છે કે નહીં એની તપાસ) કરતા નથી ?

**દાદાશ્રી :** ના, બુદ્ધિશાળીઓએ વિષયનું 'વેરીફિકેશન' કર્યું જ નથી. ઊલટાં બુદ્ધિશાળીઓ જ વિષયોમાં વધારે ઊંડા ઊતર્યા છે. અરે, આ 'મરીન ડ્રાઈવ' ને બધે ત્યાં આગળ જઈને જોઉં તો એમના વિષયને જોઈને તું એમ જ સમજું કે આ તો માણસ છે કે પશુઓ છે ! ટબની અંદર ન્હાય ને પાછા અત્તર ઘસીને ! હંમેશાં જ્યાં દુર્ગંધ હોય, ત્યાં શું કરવું પડે ?

**પ્રશ્નકર્તા :** હા, અત્તર ઘસવું પડે. પણ પાછલા કેટલા સમયથી કોઈએ એવો રસ્તો જ નથી બતાવ્યો કે આ વિષયોથી બહાર પણ કંઈક સુખ છે.

**દાદાશ્રી :** આ મહાવીર ભગવાને રસ્તો બતાડ્યો, પણ કોઈએ માન્યો નહીં. આ બુદ્ધિશાળી લોકોએ જ લખ્યું છે કે જગતમાં વિષયસુખ બધાં સુખોમાં સર્વશ્રેષ્ઠ છે. વળી, બુદ્ધિશાળીઓએ તો એટલે સુધી લખ્યું કે કેળ હોય એવા એના પગ છે. જાંઘો તો આવી છે, ફલાણી આવી છે ને આમ બધું સ્ત્રીનું વર્ણન કરેલું છે. એટલે પછી લોક ગાંડા બન્યા. પણ કોઈએ એમ લખ્યું કે સ્ત્રી સંડાસ જાય છે ત્યારે કેવી દેખાય ? જે સંડાસ જતી હોય, તેની જોડે વિષય જ કેમ કરાય ? એને અડાય જ કેમ ? આ કેરી જો સંડાસ જતી હોય, તો આપણાથી કેરી ખવાય જ નહીં ને ! પણ કેરી તો ચોખ્ખી હોય છે, તેથી કેરી ખવાય ને !

તેથી કૃપાળુદેવ એમ લખે છે, 'લાકડાની

પૂતળી તો સારી હોય. એમાં મહીંથી સંડાસ નીકળવાનું નહીં. જ્યારે નરી ગંધ આ તો ! એ મોઢું જુએ તોય ગંધાતા હોય. ભ્રાંતિ ચઢી જાય ને એટલે કેફ ચઢી જાય તો ભાન ના રહે. એટલે ચીતરી ના ચઢે પછી.

### વિષયની ભૂખ આચરે પાશવતા

માણસ વિષય કરતો હોય તો તે ઘડીએ એનો ફોટો પાડીએ તો કેવો દેખાય ?

**પ્રશ્નકર્તા :** ગધેડા જેવો !

**દાદાશ્રી :** એમ ? શું વાત કરે છે ? એ તો આ મનુષ્યને શોભે ? જ્યારે આજે તો (બહાર) પાંચ હજાર આપીને વિષય કરે ને ? કશું ભાન જ નથી આ લોકોને ! તને એવું લાગ્યું ને ? આપણે આ બધું ઊંધું બોલતા નથી ને ?

**પ્રશ્નકર્તા :** એક્ઝેક્ટ છે દાદા, હન્ડ્રેડ પરસેન્ટ કરેક્ટ (સો ટકા સાચું) છે.

**દાદાશ્રી :** ત્યારે લોકોને કેમ આવું પોલું ચાલતું હશે ? કશું ભાન જ નથી કે ક્યાં જઈ રહ્યા છે !

આ કૂતરાનેય ખાવા-પીવાનું આપ્યું હોય ને તો તેય બહાર ના નીકળે. આ તો ભૂખને લીધે બિચારાં બહાર ફર્યા કરે છે. આ મનુષ્યોને ભૂખનું દુઃખ મટ્યું છે, ત્યારે આ લોકોને વિષયોની ભૂખ લાગી છે. મનુષ્યમાંથી પશુ થવાનો હોય ત્યાં સુધી જ વિષય છે. એ તો જાનવરોની કોડ લેંગ્વેજ (સાંકેતિક ભાષા) છે, પાશવતા છે, 'ફૂલ્લી' પાશવતા છે. એટલે એ તો હોવી જ ના જોઈએ.

આ દુનિયામાં કોઈ ચીજની નિંદા કરવા જેવી હોય તો તે અબ્રહ્મચર્ય. બીજી બધી એટલી નિંદા કરવા જેવી ચીજ નથી.

### લોકસંજ્ઞાએ મનાયું વિષયમાં સુખ

આને તો સુખ કહેવાય જ નહીં. આ તો દારૂડિયો માણસ એમ કહે કે હું આખા હિન્દુસ્તાનનો રાજા છું, તો આપણે ના સમજીએ કે આ તો દારૂના અમલથી બોલે છે ? એવું આ ભ્રાંતિને લઈને એને આમાં સુખ લાગે છે. વિષયમાં તો સુખ હોતું હશે ? સુખ તો મહીં છે, પણ આ તો બહાર બીજામાં આરોપ કરે છે તેથી ત્યાં સુખ લાગે છે. ભ્રાંતિરસથી આ બધું ઊભું થયું છે. ભ્રાંતિરસ એટલે શું કે આ કૂતરું જેમ હાડકાંને ચૂસે છે, તે તમે જોયેલું ? હાડકાં ઉપર થોડુંઘણું માંસ હોય તે તો જાણે કે મળી જાય, પણ હવે પછી શું કરવા ચૂસ ચૂસ કરે છે ? પછી ખૂબ દબાવે ને, તે હાડકું તો આમ લોખંડ જેવું હોય. તે શું થાય કે એના પિઢિયાં દબાય ને એમાંથી પછી લોહી નીકળે. એ જાણે કે હાડકાંમાંથી લોહી નીકળ્યું. એટલે પાછું ખૂબ ચાવી ચાવીને હાડકું ખાય. અલ્યા, તારું જ લોહી તું ચૂસે છે. એવી રીતે આ સંસાર ચાલી રહ્યો છે. એવું આ લોકો હાડકાં જ ચૂસી રહ્યા છે ને પોતાનું જ લોહી બધું ચાખી રહ્યા છે.

બોલો, હવે કેટલી બધી મુશ્કેલી છે ! એવી રીતે જગત આખું વિષયમાંથી સુખ ખોળી રહ્યું છે. તાપમાં બહુ થાકેલા માણસને બાવળિયા નીચે છાંયડામાં બેસે ને, તો કહે, મને બહુ જ આનંદ આવ્યો'તો. એટલે વિષય સુખ એ બધો એવો આનંદ છે. આનંદ નિરુપાધિ પદનો જોઈએ. આ બધા આનંદ અપેક્ષાએ છે. માણસ થાકેલો હોય, તાપમાં બહુ તપેલો હોય, તે પછી એને કહીએ બાવળિયા નીચે ફાવશે ? તો કહે, બહુ સરસ ફાવશે. હવે આ આનંદને આનંદ કહેવાય જ કેમ ?

લોકોએ વિષયમાં સુખ માન્યું છે, એવું પોતેય આમાં સુખ માન્યું છે. એમાં બિલકુલેય સુખ માનવા જેવું નથી. જ્ઞાનીની સંજ્ઞાથી જુએ તો એમાં તદ્દન દુઃખ છે. વિષયમાં એટલું બધું જોખમ છે. દુનિયામાં કોઈ ચીજમાં દોષ ના હોય એટલો દોષ અબ્રહ્મચર્યમાં છે. જેને આંતરિક સુખ હોય તે અબ્રહ્મચર્ય કરે જ નહીં. આ તો આંતરિક દુઃખને લઈને અબ્રહ્મચર્ય કરે છે.

## પુદ્ગલની શક્તિમાં પોતે ફસાયો

શરીર પર રાગ જ કેમ થવો જોઈએ ? શરીર શેનું બનેલું છે ?

**પ્રશ્નકર્તા :** પુદ્ગલનું.

**દાદાશ્રી :** પુદ્ગલના જે ગુણો છે ને, જે સ્થૂળ ગુણો કે જે આંખે દેખાય એવા છે, કાનથી સંભળાય, આમ સ્પર્શથી અનુભવમાં આવે, નાકને સુગંધ આપે, જીભને સ્વાદ આપે એવા છે. પુદ્ગલના ગુણો અને આ પ્રાકૃતિક ગુણો બે ભેગા થયા છે. પ્રાકૃતિક ગુણો એ મિશ્ર ચેતનના છે અને પુદ્ગલના જે ગુણો છે, એ બધું ભેગું થઈને આ લોહી-પરુ ને આ બધું ઊભું થઈ ગયું ને સંસાર ઊભો થઈ ગયો છે. તેથી આ જગત બધું મૂંઝાયું છે. પોતાની અજ્ઞાનતાને લઈને એને આ બધી અશુચિઓનું ભાન રહેતું નથી અને ભાન નથી રહેતું એટલે આ સંસાર ઊભો રહ્યો છે.

પુદ્ગલની પોતાની એવી જુદી જુદી શક્તિઓ છે કે આત્માને આકર્ષણ કરે છે. એ શક્તિથી જ પોતે માર ખાધો છે ને ! આત્મા છે તે પુદ્ગલની શક્તિ જાણવા નીકળ્યો કે આ શું છે ? આ કઈ શક્તિ છે ? હવે એમાં એ પોતે જ ફસાયો ! હવે શી રીતે છૂટે ? પોતાના સ્વરૂપનું ભાન થાય તો છૂટે !

## પુદ્ગલ સુખ એ છે રિપેમેન્ટવાળું

તને કોઈ દહાડો દરાજ થયેલી ? તે પછી વલૂરે તેમ બહુ મઝા આવે ને ? હવે એ સુખ તમે કોની પાસેથી લો છો ? પુદ્ગલ પાસેથી. બેનું 'રબિંગ' કરીને, ઘસી ઘસીને, 'ઇચિંગ' કરીને (ખંજવાળીને) સુખ ખોળો છો. પછી સરવાળે હાથ બંધ થયો કે લાય બળવાની શરૂ થઈ જાય છે. જો પુદ્ગલ એને તરત જ દુઃખ આપે છે ને ! પુદ્ગલ શું કહે છે કે અમારી પાસે શું સુખ ખોળો છો ? તમારી પાસે તો સુખ છે ને ! અહીં અમારી પાસે સુખ લઈશ તો તમારે 'રીપે' (ચૂકતે) કરવું પડશે.

**પ્રશ્નકર્તા :** રીપે કરતી વખતે જે દુઃખ ઊભું થાય એ તો તમારી કેટલી આસક્તિ છે કે લોભ છે એના ઉપર આધાર રાખે ને ?

**દાદાશ્રી :** એ તો જેટલી વધારે આસક્તિ એટલી વધારે મોટી ઉપાધિ. ઓછી આસક્તિ હોય તો ઓછું દુઃખ થાય. એ બધું આસક્તિ પર આધાર રાખે છે ને !

દરાજનો અનુભવ તને નહીં થયેલો ? એટલે બધું 'રીપે' કરવાની ચીજો છે. આ દરાજમાં બહુ મઝા આવતી હોય ને ? એ વલૂરતો હોય તે ઘડીએ એનું મોઢું કેટલું આનંદમાં આવી ગયું હોય ને ? તે સામા માણસને એમ થાય કે હે ભગવાન, મને પણ દરાજ આપો. એવું કરે કે નહીં લોક ?

**પ્રશ્નકર્તા :** એવું વલૂરવામાં ક્યાંથી આનંદ આવે ?

**દાદાશ્રી :** ના, ના, એનું મોઢું વલૂરતી ઘડીએ ખૂબ આનંદમાં હોય છે. તે સામા માણસના મનમાં એમ થાય કે આ તો આનંદ ભોગવી લે છે ને આપણે રહી ગયા. તે ભગવાન પાસે માંગે કે મને કંઈક આપજો.

**પ્રશ્નકર્તા :** એવું કોઈ થોડું માંગે ? આ તો ઊલટો એવો વિચાર આવે કે આ ગંદવાડો જ છે.

**દાદાશ્રી :** આ વિષય પણ એ જ છે. વલૂરવા જેવું જ છે આ. ખાલી ઘર્ષણ જ છે. તે ઘર્ષણમાંથી 'ઇલેક્ટ્રિસિટી' ઉત્પન્ન થાય છે. પછી એનું જે પાછું આવે છે, 'બેક' મારે છે, એ સાંધા તોડી નાખે છે. એમાં તે સુખ હોતું હશે ? એમાં કંઈ આત્મા હોતો નથી. એમાં ચેતન નથી હોતું. ચેતન તો ફક્ત એનો નિરીક્ષક એકલો જ છે. એટલે આ તો વિપરીત દશાને પોતે સુખ માને છે.

## વિષય રોગથી અનંત અવતારનું મરણ

બે પ્રકારના વિષય : એક ચાર્જ ને બીજો

ડિસ્ચાર્જ. ચાર્જના બીજને ધોઈ નાખવાનું. ખરી રીતે તો વિચાર જ ના આવવો જોઈએ. જો તમને વિચાર આવે તો તમે એને ઉખેડી નાખજો, તો પછી વિચારો ના ઊગે. આ તો અક્રમ જ્ઞાન છે. તે અજ્ઞાન ગયું છે પણ પાછલો માલ રહ્યો છે, તેથી ચેતવણી આપવી પડે. આ બીજનો સ્વભાવ કેવો છે કે પડ્યા જ કરે ! આંખો તો જાત જાતનું જુએ એટલે મહીં બીજ પડે. તે એને પછી ઉખેડી નાખવાનું. જ્યાં સુધી બીજ રૂપે છે ત્યાં સુધી ઉપાય છે, પછી કશું ના વળે. આ હોટલ દેખે તો ખાવાની ઈચ્છા થાય ને ? એના જેવું છે. આપણે તો મોક્ષે જવું છે માટે ચેતવાનું છે. આંખથી જોવાથી કંઈ પણ ખેંચાણ થાય એ ભયંકર રોગ છે એમ માનો.

વિષય એ તો એક પ્રકારનો રોગ છે.

**પ્રશ્નકર્તા :** મોટો રોગ, બહુ મોટો, કેન્સર જેવો.

**દાદાશ્રી :** બહુ મોટો, કેન્સર તો સારું, બળ્યું ! એ તો એક જ અવતાર મારે, આ તો અનંત અવતાર મારી નાખે. આ તો અનંત અવતારથી આ જ માર પડે છે ને, બળ્યો ! તમને નથી લાગતું આ રોગ કહેવાય ? બધાય સમજે છે અંદરખાને, પણ શું થાય ?

આ સંસારચક્રનો આધાર વિષય પર છે. છે તો પાંચ જ વિષય, પણ સ્ત્રી (અબ્રહ્મચર્ય) સંબંધીનો તો બહુ જ ભારે વિષય છે. એના તો પછી ભારે સ્પંદનો ઊડે છે. આપણું જ્ઞાન એવું સરસ છે ને એમાં રહ્યા કરે, તો એને કશું અડે નહીં અને પાછલું બધું ધોવાઈ જાય. પણ વિષય બાબતમાં જાગૃત રહેવું પડે. ત્યાં તો 'આમાં સુખ જ નથી અને આ ફસામણ જ છે' એવું ભાન રહે તો છૂટી જવાય.

## જેટલી લે મીઠાશ, તેટલી આવે કડવાશ

**પ્રશ્નકર્તા :** એટલે અમારા જે અવલંબનો છે એ વ્યવહારના, વસ્તુઓના, વ્યક્તિના મનના ભાવો એ હવે છોડવાના છે ?

**દાદાશ્રી :** એ તો એની મેળે જ છૂટી જાય.

**પ્રશ્નકર્તા :** છતાં પણ અમારા ભાવમાંથી છૂટતું નથી. એમ લાગ્યા કરે કે આ સારું છે, આ ખોટું છે. પાછું એમાં સુખ ઊભું થાય. એમ લાગે કે આ જ અવલંબનનું મૂળ કારણ છે. એટલે આ અવલંબનો અમારા જતા નથી.

**દાદાશ્રી :** એવું છે ને, આ અવલંબનનું જેટલું સુખ આપણે લીધું એ બધું ઉછીનું લીધેલું સુખ છે. તમને વસ્તુઓ ભેગી થાય છે તે વસ્તુમાંથી સુખ નથી આવતું. તમે એ સુખ લો એટલે એ 'લોન' લીધા બરાબર છે. એ 'લોન' તમારે 'રીપે' કરવી પડશે.

**પ્રશ્નકર્તા :** અમે રૂપિયા લીધા તો રૂપિયાય પાછા આપવા પડે ને ? તો પછી અમે એની પાસે મીઠાશ લીધી તો અમે મીઠાશ શું કરવા પાછી ના આપીએ ? એવો સંબંધ કેમ નથી આવતો ? એમના માટે કડવાશ જ કેમ આવે ?

**દાદાશ્રી :** એવું હોતું હશે ? 'લોન' લીધી એ પાછી આપવાની. રૂપિયા લીધા તે રૂપિયા પાછા આપવાના. હવે મીઠાશ એ આપવું ના કહેવાય. એવું છે ને, સોનું લીધેલું તે ઘડીએ આપણને સારું લાગે, પણ સોનું 'રીપે' કરવા જાવ તો કડવાશ જ વર્તે. જે કંઈ પણ લીધેલું પાછું આપો તો તે ઘડીએ આપણને કડવાશ વર્તે, એવો નિયમ છે અને આપ્યા વગર પાછો છૂટકો જ નહીં ને !

આત્મા પાસે સુખ નથી ભોગવતા અને પુદ્ગલ પાસે સુખ માંગ્યું તમે ! આત્માનું સુખ હોય તો વાંધો જ નથી, પણ પુદ્ગલ પાસે ભીખ માંગેલી તે આપવું પડશે. એ 'લોન' છે. જેટલી મીઠાશ પડે છે, એટલી જ એમાંથી કડવાશ ભોગવવી પડશે. કારણ કે પુદ્ગલ પાસે 'લોન' લીધેલી છે. તે એને 'રીપે' કરતી વખતે એટલી જ કડવાશ આવશે. પુદ્ગલ પાસેથી લીધેલું હોય એટલે પુદ્ગલને જ 'રીપે' કરવાનું.

**પ્રશ્નકર્તા :** આમાં સુખ લીધું એના પરિણામે પેલા ઝઘડા ને કલેશ થાય છે ?

**દાદાશ્રી :** હા, આમાંથી જ ઊભું થયું છે આ બધું. અને સુખ કશુંય નહીં. પાછું સવારના પહોરમાં દીવેલ પીધા જેવું મોઢું હોય. જાણે દીવેલ પીધેલો હોય ! એ તો વિચારતાંય ચીતરી ચઢે !

**પ્રશ્નકર્તા :** અને નહીં તોય લોકોનાં દુઃખોના પરિણામો એટલાં બધાં વિચિત્ર છે તે એ ક્યારે છૂટે ? આટલા બધા દુઃખો સહન કરે છે, આ લોકો આટલા સુખને માટે !

**દાદાશ્રી :** એ જ લાલચ આની ને કેટલાં દુઃખો ભોગવવાના !

## મૂળમાં વિષયની લાલચ જ ફસાવે

કૂતરાને એક પૂરી દેખાડી ને, એમાં તો એની બધી 'ફેમીલી'ને પણ ભૂલી જાય. એના છોકરાં, કુરકુરિયાં, બધાયને ભૂલી જાય અને આખું પોતાનું સ્થાન છે, જે લત્તામાં રહેતો હોય તેય ભૂલી જાય અને ક્યાંય જઈને ઊભો રહે છે ! લાલચની હારુ પૂંછડી પટપટાવતો હોય, એક પૂરીને માટે ! લાલચ, જેનો હું 'સ્ટ્રોંગ' વિરોધી છું. લોકોમાં હું લાલચ દેખું ત્યારે મને થાય, આવી બધી લાલચ ! આ કૂતરાને એક પૂરી ધરી, તે ક્યાંનો ક્યાં જાય, એને લાલચ પેઠી ને ! 'ઓપન પોઈઝન' (દેખીતું ઝેર) છે ! મળી આવે એ ખાવું, પણ લાલચ ના હોવી જોઈએ.

લાલચ હોય તો, જાનવર જ કહી દો ને એને ! મનુષ્યરૂપે જાનવર જ ફર્યા કરે છે. થોડી ઘણી લાલચ તો બધાને હોય, પણ એ લાલચ નભાવી લેવાની. પણ લાલચુ જ જેને કહેવામાં આવે છે, એ તો કંઈ જાનવર જ જોઈ લો ને, મનુષ્યરૂપે !

એટલે લાલચોથી આ જગત બંધાયેલું છે. અલ્યા, કૂતરા-ગધેડાને લાલચ હોય, પણ આપણને લાલચ કેમ હોય ? લાલચ તે હોતી હશે ? આ ઉંદર પાંજરામાં ક્યારે આવે છે ? પાંજરામાં ક્યારે ઝડપાઈ જાય છે ?

**પ્રશ્નકર્તા :** લાલચ હોય ત્યારે.

**દાદાશ્રી :** હા, ઢેબરાની સુગંધ આવી અને ઢેબરું ખાવા ગયો કે મહીં તરત ફસાય. પાંજરાની મહીં ઢેબરું દેખ્યું કે બહાર રહ્યો એ તલપાપડ થયા કરે કે 'ક્યારે પેસું ? ક્યારે પેસું ?' પછી મહીં પેસી જાય એટલે પેલું ઑટોમેટિક વસાઈ જાય. મનુષ્યોને આ 'ઑટોમેટિક' આવડે બધું. એટલે એની મેળે જ વસાઈ જાય. એટલે સર્વ દુઃખોનું મૂળ લાલચ છે.

દેવતાને કેમ અડતા નથી ? ત્યાં કેમ ચોક્કસ રહે છે ? કારણ કે એનું ફળ તરત જ મળે છે અને વિષયમાં તો પહેલી લાલચ થાય છે. એટલે લાલચથી ફસાય છે. આ દેવતા અડેલો સારો, તેનો ઉપાય છે. પછી ગમે તે ચોપડીએ તો આ ઠંડું પડી જાય, પણ પેલું તો અત્યારે લાલચમાં ફસાવી અને પાછો આવતો ભવ દેખાડે. આ તો આપણા જ્ઞાનનેય ધક્કો મારનારું છે. આવું મોટું વિજ્ઞાન છે, એનેય ધક્કો મારે એવું છે. માટે ચેતવું !

## ખરું સુખ સમાયું બ્રહ્મચર્યમાં જ

આપણું 'જ્ઞાન' શું કહે છે ? જગતમાં ભોગવવા જેવું છે શું ? તું અમથો આની મહીં ફાંફા મારે છે. ભોગવવા જેવો તો આત્મા છે !

**પ્રશ્નકર્તા :** એને આ લાલચોમાંથી છૂટવું હોય, તો તે શી રીતે છૂટે ?

**દાદાશ્રી :** એ જો એનો નિશ્ચય કરે તો બધું છૂટે. લાલચથી છૂટવું તો જોઈએ જ ને ! પોતાના હિતને માટે છે ને ! નિશ્ચય કર્યા પછી, છૂટ્યા પછી પેલી બાજુ સુખ જ લાગશે. એ તો વધારે સુખ લાગશે, નિરાંત લાગશે ઊલટી. આ તો એને ભય છે કે આ સુખ મારું જતું રહેશે. પણ એ છૂટ્યા પછી તો વધારે સુખ લાગશે !

## આવરણિક દૃષ્ટિથી કલ્પાયું સુખ

કૃપાળુદેવના પત્રમાં શું લખ્યું છે ? ''સ્ત્રીના સંબંધમાં મારા વિચાર.''

''અતિ અતિ સ્વસ્થ વિચારણાથી એમ સિદ્ધ થયું છે કે શુદ્ધ જ્ઞાનને આશ્રયે નિરાબાધ સુખ રહ્યું છે તથા ત્યાં જ પરમ સમાધિ રહી છે. સ્ત્રી એ સંસારનું સર્વોત્તમ સુખ માત્ર આવરણિક દૃષ્ટિથી કલ્પાયું છે, પણ તે તેમ નથી જ. સ્ત્રીથી જે સંયોગસુખ ભોગવવાનું ચિહ્ન તે વિવેકથી દૃષ્ટિગોચર કરતાં વમન કરવાને યોગ્ય ભૂમિકાને પણ યોગ્ય રહેતું નથી''

કૃપાળુદેવ શું કહે છે કે વમન કરવાને યોગ્ય પણ એ સ્થાન નથી. માટે બીજી સારી જગ્યાએ ઊલટી કરજો. થૂંકવાનું કહે તોય ગમે નહીં. બીજી જગ્યાએ થૂંકાય, પણ અહીં તો આપણને થૂંકતાંય શરમ આવે.વળી આગળ શું કહે છે કે ''જે જે પદાર્થો પર જુગુપ્સા રહી છે, તે તે પદાર્થો તો તેના શરીરમાં રહ્યા છે અને તેની તે જન્મભૂમિકા છે.''

**પ્રશ્નકર્તા :** જુગુપ્સા એટલે શું ?

**દાદાશ્રી :** જુગુપ્સા એટલે ચીઢ. જેની પર ચીઢ રહી છે, એ બધી જ ચીજો એમાં છે ! અલ્યા, રેશમી ચાદર બાંધી એટલે બધું સારું થઈ ગયું ? કૃપાળુદેવે તો બહુ બહુ લખ્યું છે, પણ લોકો શું સમજે બિચારા ?

## માત્ર આપણી અવળી સમજણનો દોષ

''વળી એ સુખ ક્ષણિક, ખેદ અને ખસના દરદ રૂપ જ છે. તે વેળાનો દેખાવ હૃદયમાં ચિતરાઈ રહી હસાવે છે કે આ શી ભુલવણી ? ટૂંકમાં કહેવાનું કે તેમાં કંઈ પણ સુખ નથી અને સુખ હોય તો તેને અપરિચ્છેદરૂપે વર્ણવી જુઓ.''

એટલે આ વિષયનું બહુ વિવરણ કરી કરીને તપાસ કરી જુઓ, એમ કૃપાળુદેવ કહેવા માગે છે. એની સુગંધી જોવી હોય તો, એ જગ્યા સોડી તો જો, તને કેવું લાગે છે ? વળી ઉઘાડી આંખે ધોળે દહાડે જુએ, તો એ જગ્યા રૂપાળી દેખાય ? બધી જ રીતથી એની ચીઢ ચઢે !

''એટલે માત્ર મોહદશાને લીધે તેમ માન્યતા થઈ છે, એમ જ જણાશે. અહીં હું સ્ત્રીના અવયવાદિ ભાગનો વિવેક કરવા બેઠો નથી; પણ ત્યાં ફરી આત્મા ન જ ખેંચાય એ વિવેક થયો છે, તેનું સહજ સૂચવન કર્યું. સ્ત્રીમાં દોષ નથી, પણ (વ્યવહાર) આત્મામાં દોષ છે અને તે દોષ જવાથી આત્મા જે જુએ છે તે અદ્‌ભુત આનંદમય જ છે; માટે એ દોષથી રહિત થવું, એ જ પરમ જિજ્ઞાસા છે.''

સ્ત્રીનો દોષ નથી, આપણી ભૂલનો દોષ છે, આપણી સમજણનો દોષ છે. સ્ત્રીનો શો દોષ ? જો સ્ત્રીમાં દોષ હોય તો તો પછી આ ભેંસોય સ્ત્રી જ છે ને ? કેમ ત્યાં લોકો નથી ખેંચાતા ? આપણી અવળી સમજણ છે એટલે ખેંચાઈએ છીએ. એ અવળી સમજણ કાઢીએ એટલે બધું નીકળી જાય અને જ્યારે ત્યારે તો આ અવળી સમજણ કાઢ્યા વગર છૂટકો જ નથી.

## વિષયનો મોહ ન સમજવા દે સુખનો ભેદ

વિષય હોય તો સમજણપૂર્વક છૂટી જવું જોઈએ. વિષય તો શી રીતે ગમે છે, તે જ મને અજાયબી લાગે છે ! વિષય ગમે છે, તેનો અર્થ એ કે સમજણ જ નથી.

આ વિષય વસ્તુ એવી છે કે એક જ દહાડાનો વિષય ત્રણ દહાડા સુધી કોઈ પણ પ્રકારની એકાગ્રતા ના થવા દે, એકાગ્રતામાં હાલમડોલમ થયા કરે. જ્યારે મહિના સુધી વિષય ના સેવે, તો એની એકાગ્રતામાં હાલમડોલમ ના થાય. આત્માનું સુખ તમને વર્તે છે, તેના આધારે તમે અહીં આવ્યા કરો છો. તમારી દૃષ્ટિ અહીં જ હોય છે, છતાંય પણ તમને આ સુખ આત્માનું છે કે વિષયનું છે એ ભેદ માલૂમ ના પડે. અજાણ્યા માણસને પહેલાં જલેબી ખવડાવીએ ને પછી ચા પીવડાવીએ તો ? એવું જલેબીને લીધે ચા મોળી લાગે, એવું આમાં ભેદ માલૂમ ના પડે !

## કકળાટ, વિષયમાં કંટ્રોલ ન હોવાથી

**પ્રશ્નકર્તા :** વિષય-કષાયની બળતરા તો થાય ને ?

**દાદાશ્રી :** બળતરા તો લાખો મણ થાય, તેનો સવાલ નથી. બળતરા તો પુદ્ગલને થાય છે. કકળાટ શેને લીધે થાય છે ? અબ્રહ્મચર્યથી. વિષયનો કંટ્રોલ નહીં હોવાથી કકળાટ છે આ બધો. નહીં તો સ્ત્રી-પુરુષને કકળાટ કેવી રીતે થાય ? વિષયના કાબૂવાળાને કકળાટ હોય નહીં દુનિયામાં. તમને લાગે છે એવું વિચારતા ?

બે મન એકાકાર થઈ શકે જ નહીં. એટલે દાવા ચાલુ થાય. આ વિષય સિવાય બીજા બધા વિષયોમાં એક મન છે, એક પક્ષે છે. તેથી સામો દાવો ના માંડે ! જ્યારે મનવાળા જોડે તો જોખમ છે. એક જ ફેરો જેની જોડે વિષય કર્યો હોય તો એને પેટે જન્મ લેવો પડે, નહીં તો એ જ્યાં ગઈ હોય ત્યાં જવું પડે ! મિશ્રચેતન જોડે શાદી કરી પછી શું થાય? મિશ્રચેતનના દાવાની તો ઉપાધિ બહુ ! આપણને તદ્દન પરવશ કરી નાખે.

## વિષયની પરવશતાના દુઃખો વિશેષ

વિષયમાં સુખ કરતાં વિષયથી પરવશતાના દુઃખ વિશેષ છે ! એવું જ્યારે સમજાય ત્યારે પછી વિષયનો મોહ છૂટે અને તો જ સ્ત્રી જાતિ પર પ્રભાવ પાડી શકે અને એ પ્રભાવ ત્યાર પછી નિરંતર પ્રતાપમાં પરિણમે. નહીં તો આ જગતમાં મોટા-મોટા મહાન પુરુષોએ પણ સ્ત્રી જાતિથી માર ખાધેલો. વીતરાગો જ વાતને સમજી ગયેલા ! એટલે એમના પ્રતાપથી જ સ્ત્રીઓ દૂર રહેતી ! નહીં તો સ્ત્રી જાતિ તો એવી છે કે ગમે તે પુરુષને જોતજોતામાં લટ્ટુ બનાવી દે, એવી એ શક્તિ ધરાવે છે. એને જ સ્ત્રી ચરિત્ર કહ્યું ને ! સ્ત્રીથી તો છેટા જ રહેવું. એને કોઈ પણ પ્રકારના ઘાટમાં ના લેવી, નહીં તો તમે પોતે જ એના ઘાટમાં આવી જશો. અને આની આ જ ભાંજગડ કેટલાંય અવતારથી થઈ છે ને !

ગયા અવતારની મા આ જન્મે છોડી યે થાય. જેવો ઋણ બંધાયો હોય એવું થાય. કાકી થાય, મામી થાય, માસી થાય, વહુ પણ થાય. એવું બધું થાય! ગયા જન્મે મા હોય તો આ અવતારમાં વહુ થાય તો વૈરાગ ના આવે ?

## રોંગ બિલીફથી વિષયમાં માન્યું સુખ

વિષયનું સુખ એ સુખ જ નથી. એ ખાલી માન્યતા જ છે, 'રોંગ બિલીફ' જ છે. વ્યવહારમાં લોકોને આ વાત કહેવાય નહીં. જગત વ્યવહાર માટે આ કામનું જ નથી. જગતને તો આ સુખ એકલું જ અવલંબન છે, તેય બિચારાનું લઈ લીધું !

વિષયમાં જે સુખ માન્યું છે ને, તે સાવ રોંગ બિલીફનીય રોંગ બિલીફ છે. આ જલેબીમાં સુખ લાગે છે. હવે કો'કને જલેબી ના ભાવતી હોય તો એને શિખંડ તો ભાવે, એટલે આ વસ્તુઓય સુખદાયી લાગે છે. વિષય એ રોંગ બિલીફનીય રોંગ બિલીફ છે. અને એ પાછું જગતમાં જે ચાલ્યું એ ચાલ્યું પછી. સાચી સમજણ જ નથી ને !

માણસને રોંગ બિલીફ છે કે વિષયમાં સુખ છે. હવે વિષયથીય ઊંચું સુખ મળે તો વિષયમાં સુખ ના લાગે. વિષયમાં સુખ નથી પણ દેહધારીને વ્યવહારમાં છૂટકો જ નહીં. બાકી જાણી-જોઈને ગટરનું ઢાંકણું કોણ ખોલે ? વિષયમાં સુખ હોય તો ચક્રવર્તીઓ આટલી બધી રાણીઓ હોવા છતાં સુખની શોધમાં ના નીકળત. આ જ્ઞાનથી એવું ઊંચું સુખ મળે છે. છતાં આ જ્ઞાન પછી તરત વિષય જતાં નથી, પણ ધીમે ધીમે જતાં રહે. છતાં પણ પોતે વિચારવું તો જોઈએ કે આ વિષયો એ કેટલો ગંદવાડો છે !

વિષય સામે તો હું કેટલું બોલ બોલ કરું છું, તોય લોકોને ગેડમાં બેસતું નથી, ત્યારે આપણે શું કરીએ ? પંપ મારી-મારીને માલ ભરી લાવ્યા છે ! જરાય 'સ્કોપ' નથી આપ્યો, અવકાશ જ નથી

આપ્યો ને ! જાણે વિષય નહીં હોય તો જીવાશે જ નહીં, એવું માની લાવ્યા છે !

જ્યાં સુધી જે બાબતમાં અંધ છે, તે બાબતમાં ત્યાં સુધી દૃષ્ટિ ખીલે જ નહીં ને ઊલટો વધારે ને વધારે અંધ થતો જાય. એનાથી દૂર રહે, ત્યાર પછી છૂટો થાય. ત્યારે એની દૃષ્ટિ ખીલતી જાય, પછી સમજાતું જાય.

## જરૂર છે રોંગ બિલીફથી છૂટવાની

**પ્રશ્નકર્તા :** (વિષયમાં સુખ છે) એ માન્યતા ઊભી થાય છે, તે સંયોગ ભેગો થવાથી થાય છે ?

**દાદાશ્રી :** લોકોના કહેવાથી આપણને થાય. આપણા કહેવાથી માન્યતા થાય અને આત્માની હાજરીથી માન્યતા થાય એટલે દૃઢ થઈ જાય અને એમાં એવું શું છે ? સુંદરતા કશી હોતી જ નથી, માંસના લોચા જ છે.

ફક્ત 'રોંગ બિલીફો' જ છોડવાની છે. પણ તે જાતે તમારાથી છૂટે નહીં. કારણ કે તમે 'રોંગ બિલીફો' ઊભી કરી છે. એ જેમ છોડવા જાવ, તેમ વધારે 'રોંગ બિલીફો' ઊભી થતી જાય. એ તો 'જ્ઞાની પુરુષ' 'રાઈટ બિલીફ' બેસાડી આપે એટલે 'રોંગ બિલીફ' છૂટી જાય. હવે તમારી મૂળ રોંગ બિલીફ અમે ઉડાડી પણ આ વિષયમાં તો અમે થોડી-ઘણી રોંગ શ્રદ્ધા ફ્રેક્ચર કરી આપીએ !

આ તો 'બિલીફ' જ 'રોંગ' હતી. બાકી આત્મા રાગી યે ન હતો ને દ્વેષી યે ન હતો. રાગ-દ્વેષ આત્મામાં છે જ નહીં. આત્મામાં એ ગુણ જ નથી. આ બધા આરોપિત ભાવો છે. આરોપિત ભાવો કેવા છે ? વ્યવહારના છે. એટલે તમારી 'બિલીફ' એકલી જ રોંગ છે કે આ મને રાગ થાય છે ને મને દ્વેષ થાય છે. એ 'રોંગ બિલીફ' ઉખાડી આપે, તે 'જ્ઞાની'. એ 'બિલીફ' (એમને એમ) ઉખડે એવી નથી. અમે તમારી એ 'રોંગ બિલીફ' ઉખાડી આપી છે.

**પ્રશ્નકર્તા :** એ જરા વિસ્તારથી સમજાવો ને કે 'બિલીફ રોંગ' છે અને 'જ્ઞાની પુરુષ' બિલીફને ઉખાડી દે છે.

**દાદાશ્રી :** અમે શું કહીએ છીએ કે આત્મા અગુરુ-લઘુ સ્વભાવનો છે અને રાગ-દ્વેષ ગુરુ-લઘુ સ્વભાવના છે. માટે એ બન્નેને સાઢુંય ન હતું ને સહિયારુંય ન હતું. આ તો આરોપિત ભાવ છે કે આત્માને રાગ થાય છે ને દ્વેષ થાય છે, એ વ્યવહારના ભાવો છે. લોકો એમ કહે છે કે મને આમની જોડે રાગ છે. હવે ખરેખર તમારે પૌદ્‌ગલિક આકર્ષણ હોય ! કારણ કે તમને મેં જ્ઞાન આપ્યું એટલે તમારે આત્મા છૂટો થઈ ગયો છે, ત્યારે હવે શું રહ્યું ? પૌદ્‌ગલિક આકર્ષણ રહ્યું. પુદ્‌ગલમાં આકર્ષણ નામનો ગુણ છે અને વિકર્ષણ નામનો ગુણ છે. હવે આપણા લોક એ આકર્ષણને 'રાગ' કહે છે ને વિકર્ષણને 'દ્વેષ' કહે છે. આપણો પગ ગંદવાડામાં પડે ને ચીઢ ચઢે, તેથી કંઈ એને જ્ઞાન જતું રહ્યું નથી !

## ગુણ-અવગુણના ભેદે સમજાય સાચું સુખ

**પ્રશ્નકર્તા :** એટલે જ્ઞાન પછી ખાલી એકલી 'બિલીફ' જ ફેરવવાની છે ? વિષયમાં સુખની 'બિલીફ' તે કેવી રીતે નીકળે ?

**દાદાશ્રી :** એટલે વિષયમાંથી રસ ક્યારે નિર્મૂળ થાય કે પહેલું તો પોતાને એમ લાગે કે આ મરચું ખાઉં છું એ મને નડે છે, આવી રીતે નુકસાન કરે છે. એવું એને સમજાવું જોઈએ. જેને મરચાંનો શોખ હોય, તે તેને જ્યારે ગુણ-અવગુણ સમજાઈ જાય ને ખાતરી થાય કે મને નુકસાન જ કરે છે તો એ શોખ જાય. હવે આપણને 'શુદ્ધાત્મામાં જ સુખ છે' એવું યથાર્થપણે સમજાઈ જાય તો વિષયમાં સુખ જ ના રહે.

આપણને આ ચા સરસ મીઠી લાગે છે, એ આપણો રોજનો અનુભવ છે. પણ જલેબી ખાધા પછી કેવી લાગે ?

**પ્રશ્નકર્તા :** મોળી લાગે.

**દાદાશ્રી :** એટલે તે દહાડે આપણને સમજણ પડી ગઈ, બિલીફ બેસી ગઈ કે જલેબી ખાધી હોય તો ચા મોળી લાગે. એવી રીતે આત્માનું સુખ હોય છે, ત્યારે બીજું બધું મોળું લાગે.

## કેળવો વિગતવાર વિચારવાની શક્તિ

**પ્રશ્નકર્તા :** તો એવું ખરું, વિષય સમજણથી જાય ? જેમ સમજણ વધતી જાય એમ વિષય જતો રહે !

**દાદાશ્રી :** સમજણથી જ જતો રહે. આ સાપ ઝેરી હોય ને કૈડે કે તરત મરી જવાય એવી જો સમજણ બેસી ગઈ ને, પછી એ ઝેરી સાપથી છેટો જ રહે. એવું આમાં સમજણ બેસી જવી જોઈએ.

**પ્રશ્નકર્તા :** હા, પણ એ સમજમાં કેમ આવતું નથી ?

**દાદાશ્રી :** અનાદિકાળનું આ જ આરાધેલું છે ને, એ જ સત્ય માનેલું છે ને !

**પ્રશ્નકર્તા :** એ બરાબર છે, પણ એ આરાધેલું ને અત્યારનું જ્ઞાન, એમાં હજી કેમ યુદ્ધ ચાલ્યા કરે છે ?

**દાદાશ્રી :** વિગતવાર વિચારવાની પોતાની શક્તિ જ નથી ને ! શક્તિ બધી હોય તો ખરી જ, પણ એ ઉત્પન્ન થયેલી નથી ને !

**પ્રશ્નકર્તા :** તો એ શક્તિ ઉત્પન્ન કેવી રીતે થાય ?

**દાદાશ્રી :** એ તો રાત-દહાડો એના વિચાર હોય, એની પર વિચારણા કર કર કર્યા કરે અને એમાં કેટલું આરાધવા યોગ્ય છે ને કેટલું એ કરવા યોગ્ય છે, તરત આપણને મહીં જેમ જેમ વિચારે ચડે ને, તેમ ખુલ્લું થતું જાય.

**પ્રશ્નકર્તા :** એટલે એનો મિનિંગ (અર્થ) એવો જ થયો કે કોઈ પણ હિસાબે આ વ્યવહાર ઉડાડી દેવો જોઈએ ?

**દાદાશ્રી :** તેથી પેલા થ્રી વિઝન વાપરે ને ! અને વિચારેલું હોય તો થ્રી વિઝનેય વાપરવું ન પડે.

## નીંદી નાખવું બીજ, ઊગતા પહેલા

**પ્રશ્નકર્તા :** દિવસ દરમ્યાનના જે વ્યવહારો છે, એ વ્યવહાર ફરજિયાત છે. એ જ એને પ્રગતિમાં અંતરાયરૂપ છે ને અત્યારે, કારણ કે એને વિચારવાનો ટાઈમ જ મળતો નથી.

**દાદાશ્રી :** એટલે આના કરતાં સૌથી સારામાં સારું એ, કે આપણે દૃષ્ટિ કોઈ જગ્યાએ ચોંટી તો ઉખેડી નાખવી ને પ્રતિક્રમણ કરી નાખવું,બસ.

**પ્રશ્નકર્તા :** એ પછી મન ક્યાં સુધી એ એક જ સિદ્ધાંત ઉપર ચાલે ? મન એક સિદ્ધાંત ઉપર કન્ટીન્યુઅસ (સતત) નથી ચાલતું. વારેઘડીએ દૃષ્ટિ બગડે ને પ્રતિક્રમણ કરવું કે આમ કરવું, એ સિદ્ધાંત કન્ટીન્યુઅસ નથી ચાલતો. થ્રી વિઝન પણ એટ એ ટાઈમ નથી ચાલતું. એ કન્ટીન્યુઅસ રહેવું જોઈએ અને વિગતવાર એને સમાધાન થાય તો એ આગળ આવે છે.

**દાદાશ્રી :** એ વિગતવારેય સપ્લાય કરવું પડે. આપણાથી બને ત્યાં સુધી પહેલું તો આ ઉખેડી નાખવું કે ચાલ્યું. પોતાના ખેતરમાં બધો જે કપાસ વાવ્યો છે એ કપાસને ઓળખીએ કે જો આ કપાસ છે. એટલે બીજું જે ઊગ્યું એ કાઢી નાખવાનું. એને નીંદવાનું કહે છે. એમ નીંદી નાખીએ તે થઈ રહ્યું. બધું ઊગતાં જ દાબી નાખ્યું. તે થઈ રહ્યું. એ પહેલાં દાબી શકાય એવું છે નહીં. ઊગે નહીં ત્યાં સુધી બીજની ખબર પડે નહીં. ઊગતા જ ઓળખી ગયા કે આ બીજ જુદું છે.

**પ્રશ્નકર્તા :** પણ એનો નિશ્ચય હોય તો બીજું ઊગતાં જ એને ખબર પડી જાય ને ?

**દાદાશ્રી :** બીજું બીજ દેખાય એ ઉખેડીને ફેંકી દેવું એટલે ટૂંકમાં સારું સૌથી. નિશ્ચય તૂટે નહીં અને તૂટે ત્યાં સુધીમાં ચેતી ના જઈએ તો નિશ્ચય બીજી બાજુ ફરી જાય. આત્માના સંબંધમાં નિશ્ચય છે, તે નિશ્ચય જે બાજુ જઈએ, તે બાજુનો જ ફરી જાય !

## નિશ્ચય એટલે કશું ખોળવાનું નહીં

**પ્રશ્નકર્તા :** આ એક સિદ્ધાંત ઉપર તો બેસાય જ નહીં ને, આગળ જવું તો પડશે ને ?

**દાદાશ્રી :** તે ઘડીએ પાછો રસ્તો આવી મળશે. તે ઘડીએ એની મેળે સંજોગો બધા ભેગાં થઈ જશે. કૂવામાં નથી જ પડવું એવો નિશ્ચય છે, તેને ચાર દહાડાથી ઊંઘ્યો ના હોય અને કૂવાની ધાર ઉપર બેસાડે તોય ના ઊંઘે ત્યાં.

**પ્રશ્નકર્તા :** ત્યાં તો પ્રત્યક્ષ દેખાય ને કે પડી જઈશ અહીં.

**દાદાશ્રી :** હા, તે આમ પ્રત્યક્ષ દેખાય એના કરતાંય ભૂંડું છે આ તો. આ તો કેટલી મોટી ખાઈ છે ! અનંત અવતારની જંજાળ વળગે છે. એટલે મન મજબૂત થયું હોય તો થાય, નહીં તો આમ દહાડો વળે નહીં. આ કાચા મનથી આમ આ દોરા સીવવાના ન્હોય. કેવું સ્ટ્રોંગ કે મરી જઉં પણ છૂટે નહીં. તારે નિશ્ચય મજબૂત છે ને ?

**પ્રશ્નકર્તા :** એકદમ સ્ટ્રોંગ. નિશ્ચય સ્ટ્રોંગ થાય એટલે બધું આવતું જ જાય.

**દાદાશ્રી :** એ સિક્રસી મટે એટલે 'ઓપન ટુ સ્કાય' થઈ ગયો. એ ગુપ્ત લઈને આ બધી સિક્રસી પછી. નહીં તો અમારી પેઠ બોલી શકાય, 'નો સિક્રસી.'

નિરંતર વિષય સુખ ભોગવે છે, તેના મોઢા તો જુઓ ! દિવેલ પીધા જેવું દેખાય ? અને નથી ભોગવતા તેના ?

**પ્રશ્નકર્તા :** નિશ્ચય સ્ટ્રોંગ છે અને મેં કોઈ સિક્રસી નથી રાખી. આપને આલોચનામાં બધી જ વાત ઓપન કરેલી છે.

**દાદાશ્રી :** એ બધું બરોબર છે, પણ આવું બધું આ (વિષય સંબંધી) તોફાન ખોળવાનું જ ના હોય. નિશ્ચય એટલે કશું ખોળવાનું નહીં. એની મેળે જ આવીને ઊભું રહે. બીજી કશી જરૂર જ નહીં ને !

## આકર્ષણ થાય ત્યાં ખપે પ્રતિક્રમણ

**પ્રશ્નકર્તા :** મને એમ રહ્યા કરે છે કે આટલો મારો નિશ્ચય સ્ટ્રોંગ છે. જ્ઞાની પુરુષ પાસે પ્રત્યક્ષ સંયોગ છે, આપ્તપુત્રો સાથે હું રહું છું. મારે આમાં (વિષયમાં) બિલકુલ ઈન્ટરેસ્ટ નથી, છતાંય પણ આકર્ષણ કેમ રહ્યા કરે છે ?

**દાદાશ્રી :** આ આકર્ષણ થાય ને, તે પૂર્વનો હિસાબ છે તે આકર્ષણ થાય. તેને તરત ને તરત એ કરી નાખવાનું.

**પ્રશ્નકર્તા :** પ્રતિક્રમણ.

**દાદાશ્રી :** હા. એ કંઈ આપણા નિશ્ચયને તોડતું નથી. આંખને કંઈ ઠીક લાગે તો ખેંચાય, તેથી કંઈ પોતાને ગુનો થતો નથી. (પોતે પ્રતિક્રમણ ના કરે તો ગુનો) એ તો છે તે એની મેળે પ્રતિક્રમણ કરે એટલે ધોવાઈ જાય. એ ગયા અવતારની ભૂલ છે અને તે એવો હિસાબ હોય તો જ ત્યાં જાય, નહીં તો જાય નહીં કોઈ દહાડો. એ ભેગું થાય તો આકર્ષણ થાય. એ તો પ્રતિક્રમણથી ધોવાઈ જાય. એનો બીજો શું હિસાબ ? એ તો થ્રી વિઝન(ની સમજ) હોય તોય દેખાય કે આકર્ષણ થાય. સમજાય એવી વાત છે કે નહીં ?

**પ્રશ્નકર્તા :** સમજાય છે ને ! મને એમ હતું કે આવું સરસ જ્ઞાન મળ્યું છે અને આવા બધા સુંદર સંયોગો છૂટવાના આમ ભેગા થયા છે, તો જો પ્યૉર થઈ જવાય એક આ બાબતમાં, તો બહુ સારું એમ.

**દાદાશ્રી :** હા, પણ પ્યૉર જ છે. નિશ્ચય છે ત્યાં સુધી પ્યૉર અને આવી ઈમ્પ્યૉરિટી માની તેય ભૂલ છે આપણી. નિશ્ચય આપણો હતો એટલે પ્યૉર રહે ! પછી ખેંચાણ થાય તેના ઉપાય કરવા પડે ! લપસી પડ્યા તેથી કંઈ ગુનો છે ? ફરી ઊભા થઈને ચાલ્યા. કપડાં બગડ્યા હોય તે ધોઈ નાખવાના. આપણે (જાણીને) લપસી પડીએ તો ગુનો છે, પણ લપસી પડ્યા તો ગુનો નથી.

### જ્યાં ખેદ છે ત્યાં તમે છૂટા છો

**પ્રશ્નકર્તા :** મને અંદર એવો ખેદ થયા કરે છે કે આવું સરસ જ્ઞાન મળ્યું, છતાં આ સ્થિતિ કેમ હજુ અનુભવી રહ્યો છું ?

**દાદાશ્રી :** ના, એ તો બધાને એમ હોય. ઊલટું આપણે જો એ પ્રતિક્રમણથી ધોઈ નાખીએ તો દહાડો વળે, નહીં તો ઊભું રહ્યું કહેવાય. ગયા અવતારે સહીઓ કરેલી, તે છોડે નહીં ને !

આ જ્ઞાન આપ્યું છે એટલે તમને સહન કરવાની શક્તિ ઉત્પન્ન થઈ છે, તમને જુદાપણાનો ભાવ રહી શકે છે, તો પછી શેને માટે વિષયો હોવા જોઈએ ? અને છતાંય પરિણામ કોઈ બદલી ના શકે. કારણ કે એ પુદ્‌ગલ પરિણામ છે અને એ તો રિઝલ્ટ છે. રિઝલ્ટ બદલી ના શકાય, પણ રિઝલ્ટ ઉપર ખેદ, ખેદ ને ખેદ રહ્યો એટલે તમે છૂટા. તમને જો ખેદ છે, તો તમે છૂટા છો અને રિઝલ્ટમાં એકાકાર છો તો બંધન છે.

### ખપે બ્રહ્મચર્યનો જ એક માત્ર અભિપ્રાય

**પ્રશ્નકર્તા :** દાદા, હવે બધું જલદી ખાલી થાય એવું કંઈક કરી આપો એમ. એટલે આ બધો જે વિષયો ને કપટનો જે માલ ભર્યો છે, એ બધો માલ ખાલી કરવો છે.

**દાદાશ્રી :** ઓહોહો વિષયનો ! વિષયનું ખાલી કરવું છે ખરું ! એવું છે ને જલદી ખાલી થવું એટલે આ દેહ ખલાસ થવો. એ માલ ફૂટે, તેમાં તને શું વાંધો ? એ ખૂંચે, તું એ બાજુ સૂઈ જઉં ત્યારે. આ બાજુ સૂઈ જઈએ, આપણા (પલંગ) મહીં સૂઈ જઈએ તો ? (કલ્પનામાં) 'સ્ત્રી'ના પલંગમાં સૂઈ જઈએ ત્યારે ખૂંચે ને ? 'આપણા' પલંગમાં સૂઈ જઈએ તો આપણને પછી કોણ ખૂંચે ? બહુ ખૂંચે છે ? તો પછી પૈણી નાખ.

**પ્રશ્નકર્તા :** ના, એવું નહીં. આ પેલી ગાંઠો ફૂટે એ ખૂંચે.

**દાદાશ્રી :** એ ચંદુભાઈ*ને ખૂંચે, તેમાં તારે શું ? ચંદુભાઈને કહીએ, 'લે, કાઢ સ્વાદ ! લે, તારા કરેલાં તું ભોગવ્યા કર.' આપણને કશું ના કરે. તમારે તો ઉંમર નાની, તે હજુ હરકતના સ્ટેશનો આવવાના. નરી ઝાડી ને જંગલ બધું ! વિષય એ ખોટી વસ્તુ છે, એવું તને નિરંતર રહ્યા કરે છે ?

**પ્રશ્નકર્તા :** નિરંતર.

**દાદાશ્રી :** આ વિષય તો ખરાબમાં ખરાબ વસ્તુ છે, એવો અભિપ્રાય નિરંતર રહે તો તમારો આજનો ગુનો થોડો ઘણો ચૌદ આની જેટલો માફ થાય. પણ જેને એવો અભિપ્રાય વર્તે છે કે આ વિષયમાં કશો વાંધો નથી, એ બિચારો માર્યો જ ગયો ! શાથી માર્યો જાય કે એને હજી અભિપ્રાય છે કે આમાં કશો વાંધો નથી.

અબ્રહ્મચર્યનો અભિપ્રાય તો ન જ હોવો જોઈએ. પણ હજુ અબ્રહ્મચયમાં અભિપ્રાય વર્તે છે અને એ અભિપ્રાયથી 'જેમ છે તેમ' આરપાર જોઈ શકાતું નથી, મુક્ત આનંદ અનુભવાતો નથી. કારણ એ અભિપ્રાયનું આવરણ નડે છે. અભિપ્રાય તો બ્રહ્મચર્યનો જ રાખવો જોઈએ.

### વિષય બીજ થાય નિર્મૂળ, શુદ્ધ ઉપયોગે

વિષયના વિચારો જેને ના ગમતા હોય ને તેનાથી છૂટવું હોય તેણે આ સામાયિકથી, શુદ્ધ ઉપયોગથી ઓગાળી શકાય તેમ છે. આ 'જ્ઞાન'

* ચંદુભાઈની જગ્યાએ વાચકે પોતાનું નામ સમજવું.

પછી જેને વહેલો ઉકેલ લાવવો હોય તેણે આવું કરવું.

**પ્રશ્નકર્તા :** છતાં આને પહોંચી વળાય એવું લાગતું નથી.

**દાદાશ્રી :** એવું કશું જ નથી. એક રાજીપો અને બીજું સિન્સિયારિટી, આ બે જ હોય તો બધું જ પ્રાપ્ત થાય એવું છે. બાકી આમાં કશી મહેનત કરવાની હોતી જ નથી.

અહીં આપણે આ બધા સામાયિક કરે છે, તે સામાયિકમાં એ વિષયને મૂકીને પોતે ધ્યાન કરે તો એ વિષય ઓગળતો જાય, ખલાસ થઈ જાય ! જે જે તમારે ઓગાળી નાખવું હોય, તે અહીં ઓગાળી શકાય.

સામાયિકમાં તો પોતાનો જે દોષ હોય, તેને જ મૂકી દેવાનો ! અહંકાર હોય તો અહંકાર મૂકી દેવાનો, વિષયરસ હોય તો વિષયરસને મૂકી દેવાનો, લોભ-લાલચ હોય તો તેને મૂકી દેવાના. એ ગાંઠોને સામાયિકમાં મૂકી દીધી અને એ ગાંઠ ઉપર જ્ઞાતા-દ્રષ્ટા રહ્યા એટલે એ ઓગળે. એટલું આ સામાયિક સહેલું, સરળ ને બહુ ઊંચામાં ઊંચી વસ્તુ છે ! બીજા કોઈ રસ્તે આ ગાંઠો ઓગળે એવી નથી. અહીં એક ફેરો સામાયિક કરી જાય ને પછી ઘરેય થઈ શકે ! અહીં બધા જોડે બેસીને કરવાથી શું થાય કે બધાનો પ્રભાવ આપણા પર પડે ને એકદમ પદ્ધતિસરનું સરસ થઈ જાય. પછી આપણે ઘેર કરીએ તો ચાલ્યા કરે.

**પ્રશ્નકર્તા :** આ સવારની સામાયિક કરીએ છીએ, તો એમાં પચાસ મિનિટ પછી તો સુખનો ઊભરો આવે છે.

**દાદાશ્રી :** આવે જ ને ! કારણ કે તમે આત્મસ્વરૂપ થઈને સામાયિક કરો એટલે આનંદ આવે જ ને ! આત્મા અચળ છે.

હવે કેટલાક આ સામાયિક દહાડામાં બબ્બે-ત્રણ-ત્રણ વખત કરે છે. કારણ કે સ્વાદ ચાખ્યો ને ! આ વીતરાગી જ્ઞાન મળ્યા પછી એનો સ્વાદેય ઓર હોય, પછી કોણ છોડે ? પેલી લૌકિક સામાયિકમાં તો બધું હાંકવાનું અને આ તો કોઈને હાંકવાનું કરવાનું નહીં અને જોયા જ કરવાનું, જ્ઞાતા-દ્રષ્ટા. તેય પાછું બે ફાયદા થવાના ! એક તો પોતાને સામાયિકનું ફળ મળે, એટલે શું ? કે આ બધું અચળ થાય ત્યારે આત્માનો સ્વભાવ માલૂમ પડે, એટલે સુખ ઉત્પન્ન થાય. આ ચંચળ ભાગ છે તે અચળ થાય એટલે આત્માનું સ્વાભાવિક સુખ ઉત્પન્ન થાય. આ ચંચળતાને લઈને એ સુખ પ્લસ-માઈનસ થઈ જાય છે. બીજું એ કે પોતાના દોષ હોય, તેને જ્ઞાતા-દ્રષ્ટા તરીકે જોયા કરીએ એટલે દોષ ઓગળ્યા કરે. એટલે બે લાભ થાય.

## સામાયિકથી ઓગળે વિષયરસ

વિષયની ગાંઠ મોટી હોય છે. તેના નિકાલની બહુ જ જરૂર, તે કુદરતી રીતે આપણે અહીં આ સામાયિક ઊભું થઈ ગયું છે ! સામાયિક ગોઠવો, તે સામાયિકથી બધું ઓગળે ! કંઈક કરવું તો પડશે ને ? દાદા છે ત્યાં સુધીમાં બધો રોગ કાઢવો પડશે ને ? એકાદ ગાંઠ જ ભારે હોય, પણ જે રોગ છે તે તો કાઢવો જ પડશે ને ? એ રોગથી જ અનંત અવતાર ભટક્યા છે ને ? આ સામાયિક તો શાને માટે છે કે વિષયભાવનું બીજ હજુ સુધી ગયું નથી અને એ બીજમાંથી જ ચાર્જ થાય છે. એ વિષયભાવનું બીજ જવા માટે આ સામાયિક છે.

આપણે વિષયો જોઈતા ના હોય, પણ વિષયો છોડે નહીં ને ! આપણે ખાડામાં ના પડવું હોય છતાં પડી જવાયું તો શું કરવું જોઈએ ? તરત જ દાદા પાસે એક કલાક માગણી કરવી કે 'દાદા, મને બ્રહ્મચર્યની શક્તિ આપો.' એટલે શક્તિ મળી જાય ને પ્રતિક્રમણ પણ થઈ જાય. પછી એની 'વરીઝ' (ચિંતા) મગજમાં નહીં રાખી મૂકવાની. ખાડામાં પડ્યો કે તરત જ સામાયિક કરી ધોઈ નાખવાનું.

સામાયિક એટલે હાથ-પગ ધોઈને, કપડાં ધોઈ-સૂકવીને, ઘડી કરીને ચોખ્ખા થઈ જવું. તરત સામાયિક ના થાય તો બે-ચાર કલાક પછી પણ કરી લેવું, પણ લક્ષમાં રાખવાનું કે સામાયિક કરવાનું રહ્યું છે.

## અવસ્થા શીખવે વૈરાગ્ય પાઠ

વીતરાગો એટલું જ જોતા હતા કે માણસની પ્રાકૃતિક શક્તિ ઉત્પન્ન થવી, વ્યય થવી અને આજની શક્તિ, એ બધી શક્તિઓને ત્રિકાળ જ્ઞાનથી જોતા હતા. ઉત્પન્ન, વ્યય બધું સંપૂર્ણપણે જાણતા હતા એટલે એમને રાગ ઉત્પન્ન ના થાય પછી. આ રાગ ઉત્પન્ન થવો એ તો એકલા વર્તમાનકાળના જ્ઞાનથી થાય છે. એક તો પોતાના સ્વરૂપનું અજ્ઞાન અને વર્તમાનકાળનું જ્ઞાન, તે પછી એને રાગ ઉત્પન્ન થાય. બાકી જો એને એમ સમજાય કે આ ગર્ભમાં હતી તો આવી દેખાતી હતી, જન્મી ત્યારે આવી દેખાતી હતી, નાની બેબી થઈ ત્યારે આવી દેખાતી હતી, પછી આવી દેખાતી હતી, અત્યારે આવી દેખાય છે, પછી આવી દેખાશે, ઘૈડી થશે ત્યારે આવી દેખાશે, પક્ષાઘાત થશે ત્યારે આવી દેખાશે, નનામી કાઢશે ત્યારે આવી દેખાશે, આવી બધી અવસ્થાઓ જેને લક્ષમાં છે, એને વૈરાગ શીખવવાનો ના હોય ! આ તો જે આજનું દેખાય છે તે દેખીને જ મૂર્છિત થઈ જાય છે. એને વૈરાગ શીખવાનો છે. વીતરાગો બહુ ડાહ્યા હતા. કોઈ પણ વસ્તુ આવી તો એમને મૂર્છા ઉત્પન્ન ના કરાવે. કારણ કે એ વસ્તુને વીતરાગો ત્રણેય કાળથી જોઈ શકતા હતા.

આ વસ્તુ છે એની કઈ અવસ્થા ઊભી થઈ ? એટલે માટીમાંથી ઉત્પન્ન થયું. પછી એમાંથી હવે ઘડો કર્યો. હવે આવી અવસ્થા થઈ, આવી અવસ્થા થઈ. પછી છે તે હવે પાછો વિનાશને પંથે જશે. તે બધી અવસ્થાઓ કહી આપે. છેવટે એ માટી થઈને ઊભી રહેશે.

**પ્રશ્નકર્તા :** તે બધી અવસ્થાઓનું જ્ઞાન એકી વખતે જ હોય ?

**દાદાશ્રી :** એકી વખતે જ ! એટલે પેલું મેં કહ્યું ને કે માણસને મોહ કેમ ઉત્પન્ન થાય છે ? ત્યારે કહે, બેઉ જુવાન હોય છે તેથી અને તે ઘડીએ ભાન નથી રહેતું ત્યાં આગળ કે આ મોહ ટકાઉ છે કે ટેમ્પરરી છે ? પછી આવું જ અત્યારે જે છે ને, એવું જ એની કલ્પના કાયમ માટે ખોળે. હવે પછી ઘડપણમાં શું થાય ? કલ્પના કેવી થાય ?

**પ્રશ્નકર્તા :** તે વખતે એને કંટાળો આવે.

## વિષયમાં સુખબુદ્ધિ એ પુદ્ગલ પરિણામ

**દાદાશ્રી :** પુદ્ગલ છે, પૂરણ-ગલનવાળી વસ્તુ છે. માટે કંટાળો આવે પછી. એટલે એ કાયમની વસ્તુ નથી, ટેમ્પરરી એડજસ્ટમેન્ટ છે. સુખબુદ્ધિ એટલે આ કેરી સારી હોય ને તેને ફરી માંગીએ, તેથી કંઈ તેમાં સુખબુદ્ધિ ગણાતી નથી.

**પ્રશ્નકર્તા :** પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં સુખબુદ્ધિ છે, ત્યાં સુધી નિકાલ થાય નહીં ને ?

**દાદાશ્રી :** સુખબુદ્ધિ થાય તેનો કંઈ વાંધો નથી. સુખબુદ્ધિ એ વસ્તુ આત્માની નથી, એ પુદ્ગલની વસ્તુ છે. જે કોઈ પણ વસ્તુ તમને આપે, તેમાં તમને સુખબુદ્ધિ ઉત્પન્ન થાય. ફરી એની એ વસ્તુ વધારે આપે, તેમાં દુઃખબુદ્ધિય ઉત્પન્ન થાય. એવું તમે જાણો કે ના જાણો ? મેં જે આત્મા તમને આપ્યો છે, એમાં સુખબુદ્ધિ જરાય નથી. આ સુખ એણે કોઈ દહાડોય ચાખ્યું પણ નથી. પેલું તો દેહનું આકર્ષણ છે. એ જે સુખબુદ્ધિ છે, તે અહંકારને છે.

**પ્રશ્નકર્તા :** દેહનું ને જીભનું આકર્ષણ બહુ રહ્યા કરે.

**દાદાશ્રી :** એ આકર્ષણ રહ્યા કરે છે, તેમાં ફક્ત જાગૃતિ રાખવાની છે. અમે તમને જે વાક્ય આપ્યું છે કે 'મન-વચન-કાયાની તમામ સંગી

ક્રિયાઓથી હું તદ્દન અસંગ જ છું.' એ જાગૃતિ રહેવી જોઈએ અને ખરેખર એક્ઝેક્ટલી એમ જ છે. એ બધું પૂરણ-ગલન છે. તમે આ જાગૃતિ રાખો તો તમને બંધ પડતો નથી.

### પર્યાયોના જ્ઞાનથી ઉડે મોહ દૃષ્ટિ

આ જગતમાં તો બધી ભ્રમિત કરે એવી જ ચીજ છે ને ? જ્યાં મન જ કાચું છે, ત્યાં શું થાય ? આમાં જોવા જેવું છે જ શું તે ? આ તો જોવાની કટેવ કહેવાય. જે દેખાય છે એની પર મોહ થાય છે. આ તો માણસને બધા પર્યાયોનું જ્ઞાન હોય નહીં. આ ખાધેલું ઊલટી થઈ જાય, પછી ઊલટી થઈ, એ ભાગ પેલું ખાધેલું છે, એનો જ ભાગ છે એવું એટ-એ-ટાઈમ લક્ષમાં ના રહે ને ? જેમ આ કેરી હોય છે, તે મોર આવે, પછી ફળ બેસે, નાની-નાની કેરીઓ આવે. એ તૂરી લાગે, પછી ખાટી થતી જાય, પછી મીઠી થાય. એ જ પાછી કહોવાઈ જાય, બગડી જાય, ગંધાઈ ઊઠે, સડી જાય. એ બધા જ પર્યાયો એટ-એ-ટાઈમ હાજર રહે, પછી કેરી પર મોહ જ ના થાય ને !

આ બધી અવસ્થા દૃષ્ટિથી જોવાથી જ તેની અસરો થાય છે. અવસ્થા દૃષ્ટિથી જ આકર્ષણ-વિકર્ષણ છે, તત્ત્વ દૃષ્ટિથી નહીં. અવસ્થામાં તન્મયાકાર થાય કે તરત જ અંદર લોહચુંબકપણું ઉત્પન્ન થાય અને તેનું પછી આકર્ષણ શરૂ થાય.

### છૂટાય શૂટ ઓન સાઈટ પ્રતિક્રમણથી

'જ્ઞાની પુરુષ'ના વાક્યો વિષયનું વિરેચન કરાવનારા છે. મન-વચન-કાયાથી સંપૂર્ણ રીતે નિર્વિષયી હોય, ત્યારે એમના શબ્દોથી વિષયનું વિરેચન થાય. મહીં વિચાર આવે કે એ અવસ્થા ઊભી થઈ, કે તરત જ એની આહુતિ અપાઈ જાય. આ વિષય એક જ એવો છે કે નર્યા કપટનું જ સંગ્રહસ્થાન છે ! જેમાં અનંતા દોષ બેસે છે અને કેટલાય અવતાર બગાડી નાખે છે ! વિષય હોય તે કંઈ એકદમ જતા ના રહે. પણ એનો કંટાળો આવે ને એનું પ્રતિક્રમણ કર કર કરે તો ઉકેલ આવે. પ્રતિક્રમણ કોનું નામ કહેવાય કે ડાઘ પડ્યો કે તરત ધોઈ નાખવું, એને પ્રતિક્રમણ કહેવાય. આ ડાઘને કેમ ધૂઓ છો ? કારણ એ ક્રમણ નથી, આ અતિક્રમણ છે. માટે એનું પ્રતિક્રમણ કરો અને એ 'શૂટ ઓન સાઈટ' જોઈએ. અક્રમ વિજ્ઞાનનું પ્રતિક્રમણ 'શૂટ ઓન સાઈટ' છે, નહીં તો આ લફરાં છૂટે જ નહીંને ! એકાવતારી થવું છે, પણ આ લફરાં ક્યારે છૂટી રહે ? 'શૂટ ઓન સાઈટ' પ્રતિક્રમણથી છૂટાય.

વિષયનું પ્રતિક્રમણ રવિવારે આખો દહાડો ચાલુ રાખ્યું હોય, એટલે પછી છ દહાડા સુધી વિષયની વાત ઊભી થાય, તે પહેલાં પ્રતિક્રમણ એને ફરી વળે. મહીં વિષય તો ઊભા થવાના, પણ આપણે પ્રતિક્રમણનું એવું જોર રાખો કે પ્રતિક્રમણના બધા પોલીસો એને ફરી વળે.

### પ્રતિક્રમણથી ધોવાય વિષય રુચિ

**પ્રશ્નકર્તા :** જેમ જેમ આપણે પ્રતિક્રમણ કરીએ, તેમ તેમ વિષય ઓછો થવાનો ને ?

**દાદાશ્રી :** હા, પ્રતિક્રમણ કરીએ એટલે ઓછું થતું જાય. પ્રતિક્રમણ કરે છે ખરો, પણ અંદરખાને વિષયની રુચિ રહ્યા કરે છે. તે પોતાને ખબર પડતી નથી. એ રુચિ બિલકુલેય રહેવી ના જોઈએ. અરુચિ ઉત્પન્ન થવી જોઈએ. અરુચિ એટલે તિરસ્કાર નહીં, પણ આમાં કશું છે જ નહીં એવું થવું જોઈએ.

**પ્રશ્નકર્તા :** આ તમે જ્યારથી બે દિવસથી બોલ્યા છો ને, તો આમ જાણે પરાક્રમ જેવું ઊભું થઈ ગયું છે કે આમ જેટલી પોલંપોલો ચાલતી હતી, એ બધી બંધ થઈ ગઈ છે.

**દાદાશ્રી :** હા, બંધ થઈ જાય. એ તો દાદાના આ શબ્દો, પોલંપોલ બધું બંધ થઈ જાય. તમે આ શબ્દો સાચવી રાખો તો બહુ સરસ છે. મહીં ચોક્કસ

ને આમાંય ચોક્કસ, પણ એટલું જો આમાં (નિશ્ચયમાં) ચોક્કસ રહે તો આમાં (વ્યવહારમાં) ફર્સ્ટ ક્લાસ થઈ જાય. એ આવડત છે ને એક જાતની ! અને એમના કહ્યા પ્રમાણે કરીએ તો. ફરી ફરી તાલ નહીં પડે આ. આ છેલ્લી તક છે. ઉઠાવી લ્યો આ છેલ્લી તક !

## જ્ઞાની પરિચયે કામ કાઢી લો

માટે કંઈક હવે ઉકેલ લાવો. અનાદિથી માર ખા ખા કર્યો છે અને એમાં બળ્યું શું સુખ છે ? સાત્ત્વિક રૂપે તપાસ ના કરીએ કે આમાં કશું સુખ દેખાતું નથી ? ઊલટું મૂર્ખાઈ થાય છે, ફૂલિશનેસ થાય છે. વિષયમાં અટક્યો તો ભગવાન થઈને ઊભો રહે અને જો વિષયમાં લટક્યો તો અધોગતિમાં નર્કે જતાં યે પાર નહીં આવે, એવું અમે જ્ઞાનથી જોયેલું છે. હવે તમને ખાતરી થઈ ગઈ ને ? આજે તમને આ ખોટું થયું છે, એવું જ્ઞાન થઈ ગયું ને ? આ કંઈ જેવું તેવું જ્ઞાન ના કહેવાય. 'આ ખોટું છે' એવું જ્ઞાન થયું, એનું નામ જ અમે 'જ્ઞાન' કહીએ છીએ. પાછો ફરવા માંડ્યો એટલે પોતે કામ કાઢી નાખે. આ તો કોઈ દીવો ધરનાર જોઈએ. દીવો ધરનાર ના હોય તો શું થાય ?

આ બહારનો પરિચય છે એ અવળો પરિચય છે અને જ્ઞાનીઓનો પરિચય પૂરો થયો નથી. જો પરિચય થયો હોત તો આવું થાત નહીં. એટલા માટે જ્ઞાનીઓ પાસે પડી રહેવાનું. બહારના પરિચયથી તો આ બધો માર ખાધો છે ને ! બહારના પરિચયથી બધું જ બગડ્યા કરે. જો બ્રહ્મચર્ય પાળવું હોય, તો બહારનો પરિચય રહે અને બ્રહ્મચર્ય પાળી શકીએ, એ બે બને નહીં ! એ તો ટોળું આખું જોઈએ, રહેવાનું સ્થાન જુદું જોઈએ, ત્યાં ભેગા બેસીને વાતોચીતો કરે, સત્સંગ કરે, ઘડીવાર આનંદ કરે. એમની દુનિયા જ નવી ! આમાં તો બ્રહ્મચારીઓ ભેગા રહેવા જોઈએ. બધા ભેગા ના રહે ને ઘેર રહે તો મુશ્કેલી ! બ્રહ્મચારીઓના સંગ વગર બ્રહ્મચર્ય ના પાળી શકાય. બ્રહ્મચારીઓનું ટોળું હોવું જોઈએ અને તેય પંદર-વીસ માણસોનું જોઈએ. બધા ભેગા રહે તો વાંધો ના આવે, બે-ત્રણનું કામ નહીં. પંદર-વીસની તે હવા જ લાગ્યા કરે. હવાથી જ વાતાવરણ બધું ઊંચું રહે, નહીં તો બ્રહ્મચર્ય રાખવું તે સહેલું નથી. સંગ એક જ પ્રકારનો હોવો જોઈએ. બીજો સંગ પેસવો ના જોઈએ. દૂધ તો દૂધ અને દહીં તો દહીં, અને દૂધ અને દહીં સહેજ નજીક મૂક્યા હોય તોય દૂધ ફાટી જાય. પછી ચા ના થાય.

## જ્ઞાનીની જાગૃતિનો પ્રયોગ

આ 'અક્રમ વિજ્ઞાન' જ ઊંચી જાતનું છે. અમે તો આ બધું અમારું નિરીક્ષણ કરીને અનુભવનું બધું આ વિજ્ઞાન મૂક્યું છે. કેટલાંય અવતાર પહેલાંના નિરીક્ષણ હશે, તે આજે તમને મહીં લખાઈ (કહેવાઈ) ગયું.

અમે તો કેટલાંય અવતારથી ભાવ કરેલા. તે અમને તો વિષય માટે બહુ જ ચીઢ, તે એમ કરતાં કરતાં છૂટી ગયા. વિષય અમને મૂળથી જ ના ગમે. પણ શું કરવું ? કેમ છૂટવું ? પણ અમારી દૃષ્ટિ બહુ ઊંડી, બહુ વિચારશીલ, આમ ગમે તેવાં કપડાં પહેરેલાં હોય તોય બધું આરપાર દેખાય નર્યું, એમનું એમ દૃષ્ટિથી ચોગરદમનું બહુ દેખાય. એટલે રાગ ના થાય ને !

મારો જે પ્રયોગ કરેલો હતો, એ પ્રયોગ જ વાપરવાનો. અમારે એ પ્રયોગ નિરંતર ગોઠવાયેલો જ હોય, તે અમને જ્ઞાન થતાં પહેલાંય આવી જાગૃતિ રહેતી હતી. આમ સુંદર કપડાં પહેર્યાં હોય, બે હજારની સાડી પહેરી હોય તોય જોતાંની સાથે જ તરત જાગૃતિ ઊભી થાય, તે નેકેડ દેખાય. પછી બીજી જાગૃતિ ઉત્પન્ન થાય, તે ચામડી વગરનું દેખાય અને ત્રીજી જાગૃતિ પછી પેટ કાપી નાખે તો મહીં આંતરડાં દેખાય, આંતરડાંમાં શો ફેરફાર થાય છે એ બધું દેખાય. લોહીની નસો મહીં દેખાય, સંડાસ દેખાય, આમ બધો ગંદવાડો દેખાય. પછી વિષય

ઊભો થાય જ નહીં ને ! આમાંથી આત્મા ચોખ્ખી વસ્તુ છે, ત્યાં આગળ જઈને અમારી દૃષ્ટિ અટકે, પછી શી રીતે મોહ થાય ? લોકોને આવું આરપાર દેખાય નહીં ને ! લોકોને એવી દૃષ્ટિ નહીં ને ! એવી જાગૃતિ યે ક્યાંથી લાવે ? આવું દેખાય, એ તો મોટામાં મોટી જાગૃતિ કહેવાય. એટ-એ-ટાઈમ આ ત્રણેય જાગૃતિ હોય. આ મને જે જાગૃતિ હતી, એ તમને કહું છું. જે રીતે હું જીત્યો છું, એ રીતે તમને બધાને આ જીતવાનો રસ્તો દેખાડ્યો. રસ્તો તો હોવો જોઈએ ને? અને તે કંઈ જાગૃતિ વગર તો કોઈ દહાડોય બને જ નહીં ને ?

## જાગૃતિમાં ઝોકા, ત્યાં વિષયના સોટા

**પ્રશ્નકર્તા :** આ જ્ઞાનની જાગૃતિ થકી પ્રકૃતિ સામે મોટો ફોર્સ ઊભો થયો છે.

**દાદાશ્રી :** હા. આ જ્ઞાન છે તેથી પ્રકૃતિની સામે જીતે ખરું, પણ જોડે જોડે આપણું જે અસ્તિત્વ છે તે જ્ઞાન સાથે હોવું જોઈએ. પુદ્ગલ સાથે અસ્તિત્વ થયું તો ખલાસ કરી નાખે. એટલે સ્વપરિણામી હોવું જોઈએ.

પેલા વિચારમાં મીઠાશ લાગી એટલે થઈ રહ્યું, એ પછી ખલાસ કરી નાખે. કારણ કે પેલી બાજુ પરપરિણામ થયા. હવે એ વિચારો મીઠાશ આવે એવા હોય ને કે કડવાશ આવે ?

**પ્રશ્નકર્તા :** મીઠાશ આવે એવા આવે ને !

**દાદાશ્રી :** એટલે જ ત્યાં ચેતવાનું છે. આવો તો ફોડ બીજી જગ્યાએ કરાય નહીં ને ! આ તો વિજ્ઞાન છે એટલે ફોડ કરાય. આ રોગ કોઈ કાઢે જ નહીં ને ! આ રોગ શી રીતે નીકળે ? આનો ઈલાજ આપણે ત્યાં થાય. અહીં સ્ત્રીઓ બેઠી હોય તોય આપણે ત્યાં વાંધો ના આવે. બીજી જગ્યાએ તો આવી વાત જ ના થાય ને !

જાગૃતિ મંદ પડી કે વિષય પેસી જાય. જાગૃતિ મંદ પડી કે પછી એ ધક્કો ખાય. વિષય એ એક એવી ખરાબ વસ્તુ છે કે એમાં એક ફેરો લપસ્યો એટલે જાગૃતિ પર ગાઢ આવરણ આવી જાય. પછી જાગૃતિ રાખવી હોય તોય રહે નહીં. જ્યાં સુધી એકુંય ફેરો પડ્યો નથી, ત્યાં સુધી જાગૃતિ રહે. વખતે આવરણ આવે, પણ જાગૃતિ તરત જ આવી જાય. પણ એક જ ફેરો લપસ્યો તો જબરજસ્ત ગાઢું આવરણ આવી જાય. પછી સૂર્ય-ચંદ્ર દેખાય નહીં. એક જ વખત લપસવાનું બહુ નુકસાન છે.

**પ્રશ્નકર્તા :** જાગૃતિ મંદ એટલે 'એક્ચ્યુલી' (ખરેખર) કેવી રીતે બને છે ?

**દાદાશ્રી :** એક ફેરો આવરણ આવી જાય એને. એ (બ્રહ્મચર્ય) શક્તિને સાચવનારી જે (નિશ્ચય) શક્તિ છે ને, એ શક્તિ પર આવરણ આવી જાય, એ શક્તિ કામ કરતી બુઠ્ઠી થઈ જાય. પછી તે ઘડીએ જાગૃતિ મંદ થઈ જાય. એ શક્તિ બુઠ્ઠી થઈ ગઈ પછી કશું થાય નહીં, કશું વળે નહીં. પાછો ફરી માર ખાય. પછી માર ખાયા જ કરે. પછી મન, વૃત્તિઓ, એ બધું એને અવળું સમજાવે કે 'આપણને તો હવે કશો વાંધો નથી. આટલું બધું તો છે ને !' આવું પાછા મહીં વકીલ સમજાવનારા હોય, એ વકીલનું જજમેન્ટ (આર્ગ્યુમેન્ટ) પાછું ચાલુ થઈ જાય.

**પ્રશ્નકર્તા :** એ શક્તિને રક્ષણ આપનારી શક્તિ એટલે શું ?

**દાદાશ્રી :** એક ફેરો સ્લિપ થયો, તે સ્લિપ નહીં થવાની જે મહીં શક્તિ હતી તે ઘસાય, એટલે કે એ શક્તિ લપટી પડતી જાય. એટલે પછી બાટલી આમ આડી થઈ કે દૂધ એની મેળે જ બહાર નીકળી જાય, જ્યારે પેલું તો આપણે બૂચ કાઢવો પડતો હતો. એ તને સમજાયું ?

## અસંયમ પરિણામે શક્તિ થાય અધોગામી

**પ્રશ્નકર્તા :** એક અસંયમ પરિણામથી પછી

ગુણક રીતે જ આખું ડાઉનમાં જતું રહે ને અસંયમ વધ્યા જ કરે એવું ને ?

**દાદાશ્રી :** હા, એટલે અસંયમ વધ્યા જ કરે ને ! એટલે પાછું લપટું જ પડતું જાય. એક તો લપટું પડ્યું છે ને ફરી પાછું લપટું પડ્યું, તો પછી રહ્યું શું ? પછી તો મહીં મન-બુદ્ધિ શિખામણ આપનારા અને મહીં જજ ને બધા સાક્ષી પૂરનારા નીકળે. તારે કોઈ ફેરો એવા સાક્ષીવાળા નથી આવતા ?

**પ્રશ્નકર્તા :** હા, બને ને. પણ મારે કેવું બને છે કે પહેલું આમ ગ્રાફ ઊંચે જાય, પછી જાગૃતિ મંદ પડતી દેખાય, પછી ખબર પડે કે હવે ડાઉન થવા માંડ્યું. એટલે પછી પાછું તરત જોમ આવી જાય કે આ ભૂલ થાય છે ક્યાંક, એટલે પછી પાછી શોધખોળ થાય અને પાછું ઉપર આવી જવાય, પણ આમ ડાઉનમાં આવે છે ખરું !

**દાદાશ્રી :** હા, પણ એ ડાઉનમાં આવે તો, એ ક્યાં સુધી ચાલી શકે ? જ્યાં સુધી આપણી એકુંય ફેરો ભૂલ ના થાય ત્યાં સુધી ચાલી શકે, પણ એક ફેરો ભૂલ થઈ એટલે લપટું પડે. સંસારીપણામાં હજાર ભૂલો ખાય તેનો વાંધો નહીં. કારણ કે લપટું જ પડી ગયું છે, પછી એમાં વાંધો જ શો ? એનું નામ જ લપટું પડેલું છે ને ! પણ અહીં (બ્રહ્મચર્યમાં) તો તમે ટાઈટ (દ્રઢ) રાખ્યું છે તે ટાઈટ જ રાખવાનું; અને એ શક્તિ જો ઊર્ધ્વમાન થાય તો બહુ કામ કાઢી નાખે.

**પ્રશ્નકર્તા :** એ કેવા પ્રકારના દોષથી લપટું પડવાનું ચાલુ થાય છે ?

**દાદાશ્રી :** સંયમ, અસંયમ થયો કે લપટું પડી જ જાય. સંયમ જ્યાં સુધી સંયમભાવમાં હોય ત્યાં સુધી લપટું ના પડે. આમ વધ-ઘટ થયા કરે એનો વાંધો નહીં, પણ એ સંયમ તૂટ્યો કે પછી થઈ રહ્યું. એ સંયમ તૂટે ક્યારે ? કે 'વ્યવસ્થિત'ના પાછળના અનુસંધાન હોય તો તૂટે. અને તૂટ્યા પછી એને ખેદાનમેદાન કરી નાખે.

## પુદ્‌ગલની ખેંચ નાખે વિષય અંધકારમાં

મૂર્છા ઊડી ગઈ પછી વાંધો નથી. મૂર્છા જ ઉડાડવાની છે. 'મને મૂર્છા ઊડી ગઈ' એવું બોલીએ તેથી કરીને કશું ના વળે. મૂર્છા તો એક્ઝેક્ટ જવી જ જોઈએ અને તેય જ્ઞાની પુરુષની પાસે ટેસ્ટ કરાવી લેવું જોઈએ કે 'સાહેબ, મારી મૂર્છા ગઈ કે નહીં, એ ટેસ્ટ કરી આપો.' નહીં તો મહીં એવી એવી વકીલાતો ચાલે કે 'બસ, હવે બધી મૂર્છા ઊડી ગઈ છે, હવે કોઈ વાંધો નથી !' એટલે વકીલાતો કરનારા બહુ ને ! માટે જાગૃત રહેવું. અપરાધ થઈ જાય એવી જગ્યાએથી ખસી જવું. આત્મા તો આપ્યો છે અને એ આત્મા અસંગ સ્વભાવનો છે, નિર્લેપ સ્વભાવનો છે પણ અનંત અવતારથી પુદ્‌ગલની ખેંચ છે. તમે જુદા થયા, પણ પુદ્‌ગલની ખેંચ છોડે નહીં ને ! એ ખેંચ જાય નહીં ને ! સ્ત્રી-પુરુષના આકર્ષણમાં એ જાગૃતિ ના રાખી, તો પુદ્‌ગલની ખેંચ એને અંધારામાં નાખી દે.

## બ્રહ્મચર્યપદે સમજાય આત્મસુખ

આત્માનું ખરું સુખ તો આ બ્રહ્મચારીઓ જ ચાખી શકે. જે સ્ત્રી રહિત પુરુષો છે, તે જ ચાખી શકે. પછી એમને 'સ્ટડી' જલદી થઈ જાય. કારણ કે જે પરણેલાઓ છે એમની પાસે આ સાચું સુખ કે પેલું, એ બેની તુલનાત્મક દ્રષ્ટિ નથી. છતાંય ચાલવા દો ને ગાડું આપણે ! જે પરણેલા છે, એને અમારાથી એવું ઓછું કહેવાય કે તું કુંવારો થઈ જા ! એટલે અમે એને 'સમભાવે નિકાલ' કરવાનું કહ્યું છે. પણ વાતને સમજો એમ પણ કહીએ છીએ. વિષયમાં તો મરવા જેવું દુઃખ થતું હોય છે. વિષય હંમેશાં પરિણામે કડવો છે. શરૂઆતમાં એને એવું લાગે છે કે આ વિષય સુખદાયી છે, પણ પરિણામે તો એ કડવો જ છે. એનો વિપાકેય કડવો છે. પછી માણસ થોડીવાર તો મડદાલ થઈ જાય છે !

## ખરી સિન્સિયારિટીથી આથમે વિષયરસ

આ જ્ઞાન, આ નિશ્ચય બધું આપણે એવું ગોઠવી રાખીએ કે આ મોહનીય પરિણામમાંય આપણને ડગાવે નહીં. આ કાળની બહુ વિચિત્રતા છે કે આ કાળના લોકો બધા મહા મોહનીયવાળા છે. માટે તેમને મોઢે 'કેમ છો' બોલવું પણ એમની જોડે આંખ પણ ના માંડવી, આંખ મિલાવીને વાતચીત પણ ના કરવી. કારણ કે આ એક વિષયરસ જ એવો છે કે સર્વસ્વ ખોવડાવી નાખે તેમ છે. અબ્રહ્મચર્ય એકલું જ મહા મુશ્કેલીવાળું છે, નહીં તો સવારના પહોરમાં નક્કી કરી નાખવું કે આ જગતની કોઈ પણ ચીજ મને ખપતી નથી. પછી તેને સિન્સિયર રહેવું. મહીં તો બહુ લબાડો છે કે જે સિન્સિયર ના રહેવા દે, પણ જો એને સિન્સિયર રહે તો પછી એને કોઈ ચીજ નડતી નથી.

જેટલો તું સિન્સિયર એટલી તારી જાગૃતિ. જેટલી આમાં સિન્સિયારિટી એટલું જ પોતાનું થાય અને આ સિન્સિયારિટી તો ઠેઠ મોક્ષ ભણી લઈ જાય. એટલે બધે સિન્સિયર થાઓ તો તમે જીતી જશો ! આ જગત જીતવાનું છે. જગત જીતશો તો મોક્ષે જવાશે. જગત જીત્યા સિવાય કોઈ મોક્ષે જવા દેશે નહીં.

## ખરા બ્રહ્મચારી કલ્યાણના નિમિત્ત

જગત જીતવા માટે એક જ ચાવી કહું છું કે વિષય વિષયરૂપ ના થાય તો આખું જગત જીતી જાય. કારણ કે એ પછી શીલવાનમાં ગણાય. એનાથી જગતનું પરિવર્તન કરી શકાય. તમારું શીલ જોઈને જ સામામાં પરિવર્તન થાય. બ્રહ્મચર્ય હોય તો લોકોનું કલ્યાણ કરવામાં પછી નિમિત્ત બની શકે !

એક જ સાચો માણસ હોય તો જગત કલ્યાણ કરી શકે ! સંપૂર્ણ આત્મભાવના હોવી જોઈએ. એક કલાક ભાવના ભાવ ભાવ કરજે અને વખતે તૂટી જાય તો સાંધીને પાછું ચાલુ કરજે. આ ભાવના ભાવી છે, તો ભાવનાનું જતન કરજે !

જગતનું કલ્યાણ વધુ ક્યારે થાય ? ત્યાગમુદ્રા હોય ત્યારે વધારે થાય. ગૃહસ્થમુદ્રામાં જગતનું કલ્યાણ વધુ થાય નહીં. ઉપલક બધું થાય પણ અંદરખાને બધી પબ્લિક ના પામે. ત્યાગ આપણા જેવો હોવો જોઈએ. આપણો ત્યાગ એ અહંકારપૂર્વકનો નહીં ને ! અને આ ચારિત્ર તો બહુ ઊંચું કહેવાય !

## શુદ્ધ ચારિત્રના પાયા પર મોક્ષમાર્ગ

બ્રહ્મચર્યને આપણે જાણીએ તો એ (વિષય) કંટ્રોલેબલ થાય. વિષયમાં જે દોષો રહેલા છે ને એ જાણીએ તો કંટ્રોલેબલ થાય. હું આ બધાને એટલા માટે બ્રહ્મચર્યની સમજ પાડું છું. કારણ કે ચારિત્રના પાયા ઉપર મોક્ષમાર્ગ ઊભો રહ્યો છે. આપણે ખાવું-પીવું હશે તેનો વાંધો નથી. એક દારૂ કે માંસાહાર નહીં કરવાનો. બીજું બધું ભજિયાં-જલેબી ખાવા હોય તો ખાજો, એનો ઉકેલ લાવી આપીશ. હવે આટલી બધી છૂટ આપવા છતાંય તમે આજ્ઞામાં સારી રીતે ના રહી શકો તો શું થાય ? કૃપાળુદેવે એટલે સુધી કહેલું કે તારી ભાવતી થાળી બીજાને આપી દેજે. આપણે અહીં તો શું કરવાનું કહ્યું છે કે તને શાંતિ શેનાથી આવે છે, તે તું કર. તું ભાવતી થાળી બીજાને ના આપી દઈશ, નિરાંતે ખાજે. આપણે તો ચારિત્રનો પાયો મજબૂત રાખવો. મોક્ષે જવામાં એ એકલી જ વસ્તુ મૂળ વસ્તુ છે.

## બ્રહ્મચર્યવ્રતે જડે શુદ્ધાત્માનો વૈભવ

તમારે 'હું શુદ્ધાત્મા છું'નું ભાન થયું એટલે મોક્ષનો 'વીઝા' મળી ગયો અને તમારી ગાડી શરૂ થઈ ગઈ, પણ એ શબ્દરૂપ ભાન થયેલું છે. એ જ્યારે ઠેઠ નિરાલંબ સુધી પહોંચે, ત્યારે એ કેવળજ્ઞાન કહેવાય છે.

જગતના લોકોએ કહ્યું, 'પરસ્પર દેવો ભવઃ' અલ્યા, પણ ક્યાં સુધી પરસ્પર ? એટલે જે નિરાલંબ સુખ છે, તેય વાત જ જુદી ને ! અરે, શુદ્ધાત્માનું સુખ છે, તેય વાત જ જુદી ને ! 'હું શુદ્ધાત્મા છું'

કહ્યું કે બહારનો વિચાર બધો ખરી પડે. જેને 'શુદ્ધાત્મામાં જ સુખ છે' એવું યથાર્થપણે સમજાઈ જાય, તેને વિષયમાં સુખ ના રહે.

'હું શુદ્ધાત્મા છું' એ નિરંતર લક્ષમાં રહે, એ મહાનમાં મહાન બ્રહ્મચર્ય. એના જેવું બીજું બ્રહ્મચર્ય નથી. છતાંય આચાર્યપદ પ્રાપ્ત કરવાના મહીં ભાવ હોય ત્યારે ત્યાં બહારનું બ્રહ્મચર્ય જોઈએ, ત્યાં લેડી (સ્ત્રી) ના ચાલે.

જેને શુદ્ધાત્માનો વૈભવ જોવો હોય, તેને બ્રહ્મચર્યવ્રત અત્યંત હિતકારી છે. અમે પણ રિલેટિવમાં આ એક જ વ્રત માટે હેલ્પ કરીએ, બાકી અમે બીજામાં હાથ ઘાલીએ નહીં. આ જ્ઞાનમાં જો ખરું મદદ કરનારું હોય તો તે બ્રહ્મચર્ય જ છે. બ્રહ્મચર્ય પાળીશ તો દેવલોક ના ભોગવે એવું સુખ ભોગવીશ અને ના પળાય ને મહીં વચ્ચે લપસ્યો તો માર્યો જઈશ !

બાકી સાચું બ્રહ્મચર્ય એટલે આત્મચર્યામાં જ આપણો ઉપયોગ અને પુદ્ગલ-વિષયચર્યામાં ઉપયોગ નહીં. એટલે કેવળ આત્મરમણતા, પુદ્ગલ રમણતા નહીં. બીજી પુદ્ગલરમણતા એટલી બાધક નથી પણ વિષય પુદ્ગલરમણતા તો ઠેઠ આત્માનો અનુભવ પણ કરવા દેતું નથી. બ્રહ્મચર્ય વ્રત એ મહાન વ્રત છે અને એનાથી આત્માનો સ્પેશ્યલ (વિશેષ) અનુભવ થઈ જાય.

## સાચું જ્ઞાન છોડાવે વિષય સુખની બિલીફ

જ્ઞાન એવી વસ્તુ છે કે જેને જાણી રાખવાની જરૂર છે. જ્ઞાનને જાણી રાખવાનું. જ્ઞાન જાણવાનું છે ને એ જાણેલું જ્યારે દર્શનમાં આવે છે, 'બિલીફ'માં આવે છે, ત્યારે વિષય બધા ઊડી જાય.

આ જ્ઞાન તો બહુ સરસ છે, પણ હવે પેલો ચેતક મજબૂત કરી લેવાનો છે. વિષયમાં સુખ છે, ત્યાં 'ચેતક' બેસાડવાની જરૂર છે. આ વિષયનું આરાધન એ પોલીસવાળો પરાણે કરાવે એવું હોવું જોઈએ. આ ચેતક અમે તમને બેસાડી દીધો છે, પણ આ ચેતકને એટલો મજબૂત કરી લેવાનો છે કે પોલીસવાળાનીય સામો થાય. પણ જો એ ચેતકનું ગણકારીએ નહીં તો ચેતક નિર્માલ્ય થઈ જાય. આપણે એ ચેતકને માન-તાન આપીએ, એને ખોરાક આપીએ તો એને પુષ્ટિ મળે ! આપણે એ ચેતકના જ્ઞાતા-દ્રષ્ટા અને ચેતક એ 'ચંદુભાઈ'ને ચેત, ચેત કહીને ચેતવ્યા કરે. 'ચંદુભાઈ' ચેતકનું ગણકારે છે કે નહીં એ આપણે જોવાનું.

સુખની 'બિલીફ' તો સ્વરૂપમાં જ રહેવી જોઈએ. 'વિષયમાં સુખ છે' એ 'બિલીફ'માં જ ના રહેવું જોઈએ. એ તો કેવળદર્શનની પેઠ 'સ્વરૂપમાં જ સુખ છે' એવું 'બિલીફ'માં રહેવું જોઈએ. એવી રીતે આપણે ચેતક મજબૂત કરી લીધો હોય, પછી વાંધો નહીં.

## સમજ જ છેવટે પમાડે મુક્તિ

જ્ઞાની પુરુષની આજ્ઞાથી ચારિત્ર લેવાનો વાંધો નથી, પણ જોડે જોડે ચારિત્ર લીધા પછી તે વસ્તુને એટલી બધી વિચારવી જોઈએ કે તે વિચારના અંતમાં પોતાનું જ મન એવું થઈ જાય કે વિષય એ તો બહુ જ ખોટી વસ્તુ છે. આ વિષય તો મહા-મહા મોહને લઈને ઉત્પન્ન થયેલી વસ્તુ છે. બ્રહ્મચર્ય તો, મન બિલકુલ ડગે નહીં, ત્યારે એ બ્રહ્મચર્ય મગજમાં ઘૂસે અને પછી એના વાણી-વર્તન બધું ફેરફાર થઈ જાય ! બ્રહ્મચર્ય પાળવું હોય તો 'જ્ઞાની પુરુષ' પાસે સમજી લેવું જોઈએ. પહેલું એ જ્ઞાન જાણી લેવું પડે અને એ જ્ઞાન સમજમાં આવવું જોઈએ.

જેટલો સમજ્યો તેટલો સમાઈ જાય. જેટલો સમાઈ ગયો એટલી મુક્તિ. અહીં જ મુક્તિનો અનુભવ થાય. સમાઈ જવું એટલે મોક્ષમાં, પોતાના 'સ્વરૂપ'માં સમાઈ જવું.

**- જય સચ્ચિદાનંદ**

## મહાત્માને જ્ઞાન પછી મોળા લાગે સંસારી સુખો

જ્યાં સુધી આત્માનું સુખ ના હોય, ત્યાં સુધી કોઈક સુખમાં રાચેલો જ હોય. પણ આત્મજ્ઞાન આપ્યા પછી, તમારું સુખ કેવું સુંદર રહે! આ પાંચ ઈન્દ્રિયોમાં સુખ છે', એવો અભિપ્રાય તો રહેવો જ ના જોઈએ ! અને એ અભિપ્રાય, એ આપણા ન હોય ! એ અભિપ્રાય બધા ચંદુભાઈના! 'હું તો દાદાએ આપેલો એવો શુદ્ધાત્મા છું' અને શુદ્ધાત્મા તે જ પરમાત્મા છે ! એટલું સમજી જવાની જરૂર છે !

**પ્રશ્નકર્તા :** બહારની કોઈ વસ્તુમાં સુખ જ નથી, સુખ પોતાના આત્મામાંથી મળે છે પછી ભલેને એને પોતાના આત્મા વિષે ભાન નથી, અજ્ઞાન પ્રર્વતે છે પણ સુખ તો આત્મા સંગે જ છે. હવે પ્રશ્ન એ થાય છે કે અમને મહાત્માને તો આત્માનું જ્ઞાન થયું છે, તો તે અનંત સુખનો અનુભવ ક્યારે થશે ?

**દાદાશ્રી :** સ્પષ્ટનું વેદન આવતા વાર લાગશે. અસ્પષ્ટ વેદન છે અત્યારે. એટલે આપણે સ્પષ્ટતાની, એ તો બહુ ટાઈમ લાગશે એમાં.

**પ્રશ્નકર્તા :** આત્માનું શરૂઆતનું સુખ અને ટોચનું સુખ, એમાંય ફેર તો ખરોને, ઘણી કેટેગરી આવીને ?

**દાદાશ્રી :** શરૂઆતના સુખથી જ એને આ બધું મોળું લાગવા માંડે. સંસારના સુખ મોળા લાગવા માંડે ને, એટલે આત્મા ભણી એનો અભિપ્રાય વધતો જાય અને આ (સાંસારિક સુખોનો) અભિપ્રાય એનો ઘટતો જાય. પણ છતાંય આ છૂટે નહીં, એનું શું કારણ ? ત્યારે કહે, પૂર્વકર્મનો જે ક્રમ ગોઠવાયેલો છે, તે ક્રમ છોડે નહીં ને ! ઈચ્છા ના હોય તોયે સંસારી સુખો ભોગવવા પડે. મોળું લાગે તોય ભોગવો, કહે છે.

**પ્રશ્નકર્તા :** આત્માનું સુખ કેવી રીતે ખબર પડે કે આ આત્માનું જ સુખ છે ?

**દાદાશ્રી :** બહારથી કશામાંથી સુખ ના હોય. કંઈ જોવાથી સુખ ઉત્પન્ન થયેલું ના હોય, કંઈ સાંભળવાથી, ખાવાથી, ઠંડકથી, સ્પર્શથી કે કોઈ પણ જાતનું ઈન્દ્રિય સુખ ના હોય, પૈસાને લીધે સુખ ના હોય, કોઈ 'આવો, આવો' કહેનારું ના હોય, વિષય સુખ ના હોય ત્યાં આગળ મહીં જે સુખ વર્તાય તે આત્માનું સુખ. પણ આ સુખની તમોને ખાસ ખબર ના પડે.

બીજું, આત્માના સુખનું લક્ષણ એટલે નિરાકુળતા રહેતી હોય. સહેજેય આકુળતા-વ્યાકુળતા થાય તો જાણવું કે બીજી જગ્યાએ ઉપયોગ છે, માર્ગ ભૂલ્યા. બહારથી અકળાઈને આવ્યો ને, તે પંખો ફેરવે તે બહુ સરસ લાગે. એને શુદ્ધ ઉપયોગ ના કહેવાય, એનેય જાણવું જોઈએ. અશાતા વેદનીય હોય તેનેય જાણવી જોઈએ અને નિરાકુળતાયે રહેવી જોઈએ; બન્નેને જાણવા જોઈએ. શાતા વેદનીય જોડે એકાકાર થઈ જાય તે ભૂલ કહેવાય.

## બ્રહ્મચર્ય પાળવાનો રસ્તો બતાડે દાદાનું પુસ્તક

એટલે વિષયની બાબતમાં અમે બહુ ચેતવણી આપ આપ કરેલી કે આ વિષય-વિકાર એકલો સાચવવા જેવો છે ! મોટામાં મોટો આત્મઘાત હોય તો આ વિષય-વિકાર ! સાચવવાનું તો એક આટલું

જ, નહીં તો એ બહુ નુકસાનકારક છે. બીજા બધા દોષ થયા હશે તો એ જતા રહેશે, પણ અહીં ભયંકર જોખમ છે !

'નિયાણું એવું રાખવું કે 'મોક્ષે જતા સુધી કે બે-ચાર અવતાર થાય તે પૈણ્યા વગરના જાય તો સારું', એના જેવું એકેય નહીં. નિયાણું જ એવું રાખવું ને ! પછી જે થાય તે દેખ લેંગે ! અને જો એક બોજો ગયો ને તો બધાય બોજા ગયા ! આ એક છે તો બધુંય છે ! આ બ્રહ્મચર્ય જો કોઈ પાળે ને, જો ઠેઠ સુધી પાર નીકળી ગયો ને, તો બ્રહ્મચર્ય તો બહુ મોટી વસ્તુ કહેવાય. આ દાદાઈજ્ઞાન, 'અક્રમ વિજ્ઞાન' અને જોડે જોડે બ્રહ્મચર્ય એ બધું હોય, પછી એમને શું જોઈએ ? એક તો આ 'અક્રમ વિજ્ઞાન' જ એવું છે કે, જો કદી એ અનુભવ, વિશેષ પરિણામ પામી ગયો તો એ રાજાઓનો રાજા છે. આખી દુનિયાના રાજાઓને પણ ત્યાં નમસ્કાર કરવા પડે.

એકાવતારી થવું હોય તો આ એક જ વસ્તુ સાચવવાની છે, વિષયસંબંધી પોલીસવાળાની પેઠે હોવું જોઈએ. બીજા ધંધા-વેપારનો વાંધો નથી. બ્રહ્મચર્યવ્રત લેવા કરતા એમ ને એમ આવી રીતે રહે કે પોલીસવાળાના દબાણથી, આપણી ઈચ્છાપૂર્વક ના હોવું જોઈએ, એવો વિષય હોય તો કોઈ જાતનો વાંધો નથી.

એટલે આવરણિક દૃષ્ટિથી આ સુખ મનાયું છે. કેવું ? આ સુખ માનવામાં આવ્યું છે એટલે હું એ છેદી કાઢવા માંગું છું. તે ઘણાં લોકોના વિચારો બદલાઈ ગયા. લોકો બધા સમજી ગયા. કેટલા ભયંકર દોષો આની મહીં, એ તો જરા વિચાર કરતો થાય ને માણસ !

આપણે તો આપણું કામ કાઢી લેવાનું છે, આની પૂર્ણાહુતિ માટે જ આ શરીર ઘસી નાખવાનું છે ! જો આ કર્મો ખપાવેલા હોત ને આ જ્ઞાન મળે તો એક કલાકમાં જ એનું કામ પૂર્ણ થઈ જાય પણ આ તો કર્મ ખપાયેલા નથી, રસ્તે જતાને જ્ઞાન આપ્યું છે ! એટલે મહીં કર્મના ઉદય ફરે છે. ત્યારે બુદ્ધિનું અજવાળું ફેરવી દે છે, તે ઘડીએ ગૂંચાય. હવે ગૂંચાય ત્યારે 'દાદા' 'દાદા' કર્યા કરવું ને કહીએ, આ લશ્કર ગૂંચવવા આવ્યું છે ! કારણ કે હજુ એવા ગૂંચવનારા મહીં બેઠા છે, માટે ચેતતા રહેજો. તે વખતે 'જ્ઞાની પુરુષ'નો આશરો જબરજસ્ત રાખજો. મુશ્કેલી તો કઈ ઘડીએ આવે તે કહેવાય નહીં ! પણ તે ઘડીએ 'દાદા'ની સહાય માંગજો, સાંકળ ખેંચજો, તો 'દાદા' હાજર થઈ જશે !

અબ્રહ્મચર્યની જવાબદારી સમજે, ત્યારે બ્રહ્મચર્ય પાળે માણસ. કેટલી બધી જવાબદારીઓ છે એવું જ્યારે સમજે, એને ભાન જ નથી કે અબ્રહ્મચર્ય શું છે તે, અને એ ભાનવાળું એક પુસ્તક નથી હિન્દુસ્તાનમાં, જેમાં ભાન બતાવ્યું હોય ! બધાએ એવું કહ્યું, કે અબ્રહ્મચર્ય ખોટું છે, બ્રહ્મચર્ય પાળવું જોઈએ, પણ અલ્યા ભઈ, કેવી રીતે અબ્રહ્મચર્ય બંધ થાય એવો કોઈ રસ્તો બતાડ્યો નથી. માટે આ બ્રહ્મચર્યના પુસ્તકમાં બધો રસ્તો જ છે.

આ ચોપડી વાંચીને બ્રહ્મચર્ય પાળ. ચોપડી વાંચ્યા વગર કોઈ પાળે તો અર્થ વગરનું છે. સમજણ વગરનું કરે એ નકામું છે, સમજણપૂર્વક બ્રહ્મચર્ય હોવું જોઈએ. વાંચો આ પુસ્તકમાં લખેલું છે ને, તે એની મેળે જ બ્રહ્મચર્ય પાળવાનું મન થાય.

*(પરમ પૂજ્ય દાદાશ્રીની જ્ઞાનવાણીમાંથી સંકલિત)*

## દાદાઈ જગકલ્યાણ મિશન - સત્સંગ હાઈલાઈટ્સ

**૧૮ થી ૨૧ નવેમ્બર :** કોલકાતામાં પ્રથમ દિવસે પૂજ્યશ્રીની નિશ્રામાં મહાત્માઓ માટે એક દિવસની પિકનિક યોજાઈ. જેમાં ૧૮૦ મહાત્માઓએ ભાગ લીધો. આ વખતે ઘણાં વર્ષો પછી કોલકાતામાં સત્સંગ સ્થળ બદલવામાં આવ્યું હતું. બંગાળ અને આસપાસના રાજ્યોમાંથી ઘણાં મુમુક્ષુ-મહાત્માઓ આવ્યા હતા. ૪૫૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. કોલકાતાના નવા 'દાદા સત્સંગ સેન્ટર'નું પણ પૂજ્યશ્રીના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું.

**૨૨ થી ૨૪ નવેમ્બર :** છ વર્ષના સમય ગાળા બાદ ભિલાઈ સેન્ટર ખાતે પુનઃ પૂજ્યશ્રીનો સત્સંગ-જ્ઞાનવિધિ કાર્યક્રમ યોજાયો. આ દરમ્યાન પૂજ્યશ્રીએ ભિલાઈ દાદા સેન્ટર તેમજ રાયપુરમાં નવા દાદા સેન્ટરની મુલાકાત લીધી હતી. પૂજ્યશ્રીએ સમર્પિત સેવાર્થી મહાત્માઓ સાથે મોર્નિંગ વોક કર્યું હતું અને સેવાર્થી સત્સંગ દરમ્યાન GNCના બાળકોએ નૃત્યો દ્વારા સુંદર પ્રેઝન્ટેશન કર્યું હતું. ૧૫૦ સેવાર્થીઓ માટે ઈન્ફોર્મલ સત્સંગ બાદ 'દાદા દરબાર' યોજાયો હતો. જ્ઞાનવિધિમાં ૫૧૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું.

**૨૫ થી ૨૮ નવેમ્બર :** ભારતની રાજધાની દિલ્હીમાં દર વર્ષની જેમ આ વર્ષે પૂજ્યશ્રીનો સત્સંગ-જ્ઞાનવિધિ કાર્યક્રમ ત્રણ દિવસ માટે યોજાયો. પૂજ્યશ્રીએ 'નીતિ-પ્રમાણિકતા' તેમજ 'ટાળો, કર્તાપદની ભ્રાંતિ' ટોપિક પર સુંદર છણાવટ કરી હતી તેમજ મુમુક્ષુઓના પ્રશ્નોના સચોટ સમાધાન આપ્યા હતા. ન્યુયોર્કથી આવેલ બે મહાત્માઓએ પોતાના જ્ઞાનના સુંદર અનુભવો વર્ણવ્યા હતા. વિદેશોથી આવેલા છ મુમુક્ષુઓએ પણ જ્ઞાન મેળવ્યું હતું. જ્ઞાનવિધિમાં ૮૫૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. સેવાર્થી સત્સંગમાં ૧૬૦ મહાત્માઓએ પૂજ્યશ્રીના સત્સંગ-દર્શનનો લાભ મેળવ્યો હતો. યજમાન મહાત્માના ઘરે પંજાબી સ્ટાઈલમાં રસસભર ભક્તિ કરવામાં આવી હતી, જેમાં પરિવારના સર્વે ઝૂમી ઊઠ્યા હતા.

**૨-૪ ડિસેમ્બર :** અડાલજ ત્રિમંદિર સંકુલમાં પૂજ્ય નીરુમાના ૭૩મા જન્મ દિવસે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. અંબા ટાઉનશીપમાં સવારે ૬-૩૦ વાગે પ્રભાતફેરી કાઢવામાં આવી હતી, જેમાં પૂજ્ય નીરુમાની પાલખી આકર્ષક રીતે શણગારવામાં આવી હતી તેમજ સર્વે મહાત્માઓને લાલ રંગના ફુગ્ગા પ્રેમના પ્રતિક તરીકે આપવામાં આવ્યા હતા. પૂજ્યશ્રીએ સમાધિ પર દર્શન કરી આ અવસરે સંદેશો પાઠવ્યો હતો. ત્રિમંદિર નીચેના જાયજેન્ટિક હોલમાં પૂજ્ય નીરુમાનો ૧૮ ફૂટનો વિશાળ નયનરમ્ય ફોટો સ્ટેજ પર રાખવામાં આવ્યો હતો તેમજ પાંચ જુદી જુદી મુદ્રા ધરાવતા પૂજ્ય નીરુમાના કટ આઉટ સ્ટેજ પર રાખવામાં આવ્યા હતા તેમજ પૂજ્ય નીરુમાના વિવિધ ફોટાઓ ફ્લેક્સ દ્વારા હોલમાં દર્શાવવામાં આવ્યા હતા. રાત્રે વિશેષ ભક્તિ કાર્યક્રમમાં સ્વરમણાના ગાયક કલાકારોએ સુંદર પદો પ્રસ્તુત કર્યા હતા. જેમાં શ્રોતા મહાત્માઓ રસતરબોળ થઈ ગયા હતા, પરિણામે કાર્યક્રમ મોડી રાત સુધી ચાલ્યો હતો. પૂજ્યશ્રીએ બર્થડે કેક કાપી હતી. આ વખતે જુદા જુદા મહાત્માઓ દ્વારા ૩૦૦ જેટલી કેક તૈયાર કરવામાં આવી હતી, જેનું વજન ૫૧૫ કીલો જેટલું હતું. ત્યાર બાદ યોજાયેલ સત્સંગ-જ્ઞાનવિધિમાં ૧૦૧૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું.

**૭ થી ૧૯ ડિસેમ્બર :** સૌરાષ્ટ્રના છ નાના-મોટા શહેરોમાં બે સપ્તાહ દરમ્યાન પૂજ્યશ્રીના સત્સંગ-જ્ઞાનવિધિ કાર્યક્રમ યોજાયા. શરૂઆત મોરબી શહેરથી થઈ. પૂજ્યશ્રીનું લાલ રંગની કાઠિયાવાડી પાઘડી પહેરાવી સ્થાનિક મહાત્માઓએ ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. પૂજ્યશ્રી મોરબી ત્રિમંદિરે દર્શનાર્થે પધાર્યા હતા. જામનગરમાં નવા દાદા સેન્ટરનું ઉદ્ઘાટન પૂજ્યશ્રીના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. ધ્રોલ, ઉપલેટા અને ગોંડલમાં પ્રથમ વખત જ્ઞાનવિધિનું આયોજન થયું હતું. જ્ઞાનવિધિના આગલા અને પછીના દિવસે આપ્તપુત્ર સત્સંગોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેથી પૂજ્યશ્રી ઓછા દિવસોમાં વધુ જગ્યાએ જ્ઞાનવિધિ કરી શકે. આ તાલુકા સ્થળોએ દાદા ભગવાન પરિવારના સત્સંગ કેન્દ્રો નિયમિત ચાલે છે. આ સ્થળોએ જ્ઞાનવિધિ યોજાવાથી મોટી સંખ્યામાં સ્થાનિક મુમુક્ષુઓ આત્મજ્ઞાન મેળવવા ઉમટ્યા હતા. ગોંડલમાં સેવાર્થી સત્સંગ દરમ્યાન થોડાક મહાત્માઓએ અગાઉથી નિશ્ચય કરી વ્યસન છોડાવવા પૂજ્યશ્રીને વિનંતી કરી હતી અને પૂજ્યશ્રીએ વિધિ કરાવી ત્યારે તેઓએ વ્યસન છોડી દેવાની પ્રતિજ્ઞા લીધી હતી. દરેક સેન્ટરમાં પૂજ્યશ્રીના આગમન વખતે જ્ઞાન લીધેલા સર્વે મહાત્માઓએ ભાવ અને ઉમળકા સાથે પૂજ્યશ્રીનું સ્વાગત કર્યું હતું. દરેક સેન્ટરમાં સેવાર્થી સત્સંગ યોજાયો હતો, જેમાં સ્થાનિક મહાત્માઓને પૂજ્યશ્રીના સેવા પરના સત્સંગ અને વ્યક્તિગત દર્શનનો અમૂલ્ય લહાવો મળ્યો હતો. રાજકોટમાં પૂજ્યશ્રી ત્રિમંદિરે દર્શનાર્થે પધાર્યા હતા અને મંદિરના સેવાર્થીઓને મળ્યા હતા. છેલ્લા ૧૫ દિવસ દરમ્યાન ૭ સ્થળોએ થયેલ જ્ઞાનવિધિ દરમ્યાન ૧૦,૦૬૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. જેમાં અડાલજમાં ૧૦૧૦, મોરબીમાં ૮૫૦, જામનગરમાં ૧૩૦૦, ધ્રોલમાં ૧૩૦૦, ઉપલેટામાં ૧૩૫૦, ગોંડલમાં ૧૫૫૦ અને રાજકોટમાં ૨૭૦૦ મુમુક્ષુઓ હતા, જે આટલા ટૂંકાગાળામાં વધું સંખ્યાનો નવો રેકોર્ડ નોંધાયો હતો.

## પૂજ્ય નીરુમાને નિહાળો ટીવી ચેનલ પર...

**ભારત** ● **'દૂરદર્શન' - ગુજરાત (ગિરનાર)** પર દરરોજ સવારે ૯ થી ૯-૩૦ (ટાટા સ્કાય-ચેનલ નં.-૧૭૪૯)
● **'અરિહંત' ચેનલ** પર દરરોજ સાંજે ૫ થી ૫-૩૦
● **'डीडी'-इन्डिया** पर हर रोज़ शाम 6 से 6-30 (हिन्दी में)
● **'दूरदर्शन'-बिहार** पर हर रोज़ सुबह 7-30 से 8 तथा शाम 6-30 से 7 (हिन्दी में)
● **'आस्था'** पर सोम से शनि, रात 10-20 से 10-40 (हिन्दी में)

**USA** ● **'TV Asia'** - પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮ EST
● **'कलर्स' टीवी** पर सोम से शनि सुबह 8 से 8-30 (हिन्दी में)

**UK** ● **'वीनस' टीवी** पर हर रोज़ सुबह 8 से 8-30 (हिन्दी में)
● **'कलर्स' टीवी** पर हर रोज़ सुबह 7 से 7-30 (हिन्दी में)

## પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર...

**ભારત** ● **'દૂરદર્શન'-ગુજરાત (ગિરનાર)** પર દરરોજ બપોરે ૩-૩૦ થી ૪ તથા રાત્રે ૧૦ થી ૧૦-૩૦ (ટાટા સ્કાય-ચેનલ નં.-૧૭૪૯)
● **'અરિહંત' ચેનલ પર** દરરોજ રાત્રે ૮-૩૦ થી ૯
● **'दूरदर्शन'-सह्याद्रि** पर हर रोज़ सुबह 7 से 7-30 (मराठी में)
● **'दूरदर्शन'-नेशनल** पर सोम से शुक्र, सुबह 8-30 से 9 ; शनि, सुबह 9 से 9-30 ; रवि, सुबह 6-30 से 7 (हिन्दी में)
● **'दूरदर्शन'-मध्यप्रदेश** पर सोम से शनि, दोपहर 3-30 से 4 ; रवि, शाम 6 से 6-30 (हिन्दी में)
● **'दूरदर्शन'-उत्तरप्रदेश** पर हर रोज़ रात 9-30 से 10 (हिन्दी में)

**UK** ● **'વીનસ' ટીવી** પર દરરોજ સવારે ૮-૩૦ થી ૯ (ગુજરાતીમાં)
● **'कलर्स' टीवी** पर हर रोज़ सुबह 7 से 7-30 (हिन्दी में)

**USA** ● **'कलर्स' टीवी** पर हर रोज़ सुबह 7 से 7-30 EST (हिन्दी में)

**Singapore** ● **'कलर्स' टीवी** पर हर रोज़ सुबह 4-30 से 5 तथा सुबह 7 से 7-30 (हिन्दी में)

**Australia** ● **'कलर्स' टीवी** पर हर रोज़ सुबह 7-30 से 8 तथा सुबह 10 से 10-30 (हिन्दी में)

**New Zealand** ● **'कलर्स' टीवी** पर हर रोज़ सुबह 9-30 से 10 तथा रात 12 से 12-30 (हिन्दी में)

**USA-UK-Africa-Aus.** ● **'આસ્થા'** પર દરરોજ રાત્રે ૧૦ થી ૧૦-૩૦ (ડિશ ટીવી ચેનલ યુકે-૮૪૯, યુએસએ-૭૧૯)

---

## દાદાવાણી મેગેઝીનના સભ્યો માટે સૂચના

દાદાવાણીના જે સભ્યોને અંક ન મળતા હોય અથવા મોડા મળતા હોય, તેમણે અગાઉ મળેલ દાદાવાણીના કવર પર અથવા દાદાવાણી લવાજમ ભર્યાની રસીદ પર પોતાની તમામ વિગતો જેવી કે નામ, સરનામું, ગામ/શહેર, પીનકોડ વિગેરે ચેક કરવા. એમાં કંઈ પણ ભૂલ હોય તો તમારો ગ્રાહક નંબર, પૂરું નામ-સરનામું (પિનકોડ સાથે) લખી મોબાઈલ નં. ૮૧૫૫૦૦૭૫૦૦ પર SMS કરવો. આપ અડાલજ ત્રિમંદિરના સરનામે પત્ર દ્વારા અથવા dadavani@dadabhagwan.org ઈમેલ આઈ-ડી પર પણ આ માહિતી જાણ કરી શકો છો. જેથી આપની અત્રે નોંધાયેલ વિગતોમાં સુધારો થઈ શકે. જો આપને દાદાવાણીનો અંક ન મળે તો ઉપરોક્ત કોઈ પણ માધ્યમથી અમોને જાણ કરવા વિનંતી છે. એ અંક સ્ટોકમાં હશે તો આપને ફરીથી મોકલવામાં આવશે.

---

## દાદાવાણી મેગેઝીનના વાર્ષિક સભ્યો માટે સૂચના

અગર આપે દાદાવાણી મેગેઝીનનું વાર્ષિક લવાજમ ભર્યું છે, તો તે બાર મહિના પછી પૂરું થઈ જાય છે. આપનું લવાજમ ક્યારે પૂરું થાય છે, એની આપને શી રીતે ખબર પડશે ? જો આપની આ મહિનાની આવેલ દાદાવાણીના કવરના લેબલ પર ગ્રાહક નંબરની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી દાદાવાણી છે. દા.ત. DGIA12345#. જો આપ દાદાવાણી મેગેઝીન રિન્યુ કરાવવા ઈચ્છતા હો તો લવાજમની વિગત અને કયા સરનામે મનીઓર્ડર કે ડિમાન્ડ ડ્રાફ્ટ મોકલવો (સંપર્કસૂત્ર) એની વિગત પેજ નં.૩ પર આપેલ છે.

---

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ:** (૦૭૯) ૩૯૮૩૦૧૦૦; **રાજકોટ :** ૯૯૨૪૩૪૩૪૭૮; **ભુજ:** ૯૯૨૪૩૪૫૫૮૮; **અંજાર:** ૯૯૨૪૩૪૬૬૨૨; **ગોધરા:** ૯૭૨૩૭૦૭૭૩૮; **મોરબી:** ૯૯૨૪૩૪૧૧૮૮; **સુરેન્દ્રનગર:** ૯૭૩૭૦૪૮૩૨૨, **અમરેલી:** ૯૯૨૪૩૪૪૪૬૦
**અન્ય સેન્ટરોના સંપર્ક : અમદાવાદ:** (૦૭૯) ૨૭૫૪૦૪૦૮; **મુંબઈ:** ૯૩૨૩૫૨૮૯૦૧; **વડોદરા (દાદા મંદિર) :** ૯૯૨૪૩૪૩૩૩૫;
**U.S.A.-Canada:** +1 877-505-DADA(3232); **U.K.:** +44 330-111-DADA(3232); **Australia :** +61 421127947

# વડોદરામાં...

## પરમ પૂજ્ય દાદા ભગવાન પ્રેરિત

# નિષ્પક્ષપાતી ત્રિમંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

## (આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં)

## તા. ૨૨ ફેબ્રુઆરી થી ૨૬ ફેબ્રુઆરી, ૨૦૧૭

**સ્વાગત સમારોહ :** ૨૨ ફેબ્રુઆરી - સાંજે ૪ થી ૪-૩૦

**સત્સંગ :** ૨૨ ફેબ્રુઆરી - સાંજે ૪-૩૦ થી ૭ (ટોપિક - નિષ્પક્ષપાતી ત્રિમંદિર)
૨૩ - ૨૪ ફેબ્રુઆરી - સાંજે ૪-૩૦ થી ૭
૨૩ ફેબ્રુઆરી સવારે ૯-૩૦ થી ૧૨ (ટોપિક - ધન્ય છે આ મામાની પોળને જ્યાં પ્રગટ્યા પરમાત્મા)

**જ્ઞાનવિધિ :** ૨૫ ફેબ્રુઆરી - સાંજે ૪ થી ૭-૩૦

**પ્રાણપ્રતિષ્ઠા :** ૨૪ ફેબ્રુઆરી, સવારે ૧૦ થી ૧૨ - શિવ મંદિરમાં સ્થાપિત બધા ભગવંતો
૨૫ ફેબ્રુઆરી, સવારે ૧૦ થી ૧૨ - કૃષ્ણ મંદિરમાં સ્થાપિત બધા ભગવંતો
૨૬ ફેબ્રુઆરી, સવારે ૯-૩૦ થી ૧ - શ્રી સીમંધર સ્વામી, શ્રીકૃષ્ણ અવે શ્રી શિવ ભગવાન

**તા ૨૪-૨૫ ફેબ્રુઆરી સવારે પ્રતિષ્ઠા બાદ પ્રક્ષાલ પૂજન થશે, ૨૬ ફેબ્રુઆરીએ પ્રક્ષાલ પૂજન સાંજે ૪ થી ૭ દરમ્યાન રહેશે.**

**રાત્રે ૯ થી ૧૦ - ભક્તિ/ગરબા/કીર્તન ભક્તિ**

**સ્થળ : વડોદરા ત્રિમંદિર,** બાબરીયા કોલેજની પાસે, વડોદરા-સુરત હાઈવે, NH-8, વરણામા ગામ, **વડોદરા.**

**સંપર્ક** : **૯૯૨૪૩૪૩૩૩૫**

**બહારગામથી આવનાર મહાત્મા-મુમુક્ષુઓને વ્યવસ્થા માટે ખાસ સૂચનાઓ**

(૧) આ મહોત્સવમાં ભાગ લેવા તા. ૫ ફેબ્રુઆરી ૨૦૧૬ સુધીમાં પોતાના સેન્ટરમાં તથા જ્યાં નજીકમાં સત્સંગ સેન્ટર નથી એમણે અડાલજ ત્રિમંદિર ૦૭૯-૩૯૮૩૦૪૦૦ નં. (સવારે ૯ થી ૧૨ તથા બપોરે ૩ થી ૬) પર રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

(૨) જે મહાત્માઓ પાસે દાદા ભગવાન પરિવારનું પરમેનન્ટ આઈ-કાર્ડ છે, એમણે આઈ-કાર્ડ અવશ્ય સાથે લેતા આવવું.

(૩) મહોત્સવમાં ભાઈઓ-બહેનો માટે અલગ-અલગ ઉતારાની વ્યવસ્થા હોઈ શકે, માટે પોતપોતાનો સામાન જુદો લાવવો.

(૪) **ઓઢવા-પાથરવાનું, એર પીલો સાથે લેતાં આવવું. ગાદલાની વ્યવસ્થા નથી.**

## Pujya Deepakbhai's UK Satsang Schedule (2017)

Contact no. for all centers in UK + 44-330-111-DADA (3232), email:info@uk.dadabhagwan.org

| Date | From | to | Event | Venue |
|---|---|---|---|---|
| 31-Mar-17 | 7-30PM | 10PM | Satsang | Shree Prajapati Association, Ulverscroft Road, Leicester, LE4 6BY |
| 1-Apr-17 | 7-30PM | 10PM | Satsang | |
| 2-Apr-17 | 10-30AM | 12-30PM | Aptaputra Satsang | |
| 2-Apr-17 | 3PM | 7-30PM | Gnanvidhi | |
| 21-Apr-17 | 7-30PM | 10PM | Satsang in English | Harrow Leisure Centre, Byron Hall, Christchurch Avenue, Harrow, HA3 5BD |
| 22-Apr-17 | 10-30AM | 12-30PM | Aptaputra Satsang in English | |
| 22-Apr-17 | 7-30PM | 10PM | Satsang | |
| 23-Apr-17 | 10-30AM | 12-30PM | Aptaputra Satsang | |
| 23-Apr-17 | 3PM | 7-30PM | Gnanvidhi | |
| 24-Apr-17 | 7-30PM | 10PM | Satsang | |

## આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં આગામી સત્સંગ કાર્યક્રમો

### મુંબઈ

**૬ જાન્યુઆરી** (શુક્ર) - સાંજે ૬ થી ૯ - **સત્સંગ** (ટોપિક - લક્ષ્મી હોય ત્યારે)
**૭ જાન્યુઆરી** (શનિ) - સાંજે ૬ થી ૯ - **સત્સંગ** (ટોપિક - ચિત્ત શુદ્ધિથી મોક્ષ)
**૮ જાન્યુઆરી** (રવિ) - સાંજે ૫-૩૦ થી ૯ - **જ્ઞાનવિધિ**
**૯ જાન્યુઆરી** (સોમ) - સાંજે ૬-૩૦ થી ૯ - **આપ્તપુત્ર સત્સંગ** **સંપર્ક :** ૯૩૨૩૫૨૮૯૦૧
**સ્થળ :** BMC ગ્રાઉન્ડ, કમલા વિહાર સ્પોર્ટસ વિહારની સામે, બોરસપાડા રોડ, મહાવીરનગર, **કાંદિવલી (વેસ્ટ).**

### ઔરંગાબાદ

**૯ ને ૧૧ જાન્યુ.** (સોમ ને બુધ) - સાંજે ૬ થી ૯ - **આપ્ત. સત્સંગ** અને **૧૦ જાન્યુ.** (મંગળ) - સાંજે ૫-૩૦ થી ૯ - **જ્ઞાનવિધિ**
**સ્થળ :** સંત એકનાથ રંગ મંદિર, ઉસ્માનપુરા, **ઔરંગાબાદ** (મહારાષ્ટ્ર). **સંપર્ક :** ૮૩૦૮૦૦૮૮૯૭

### જલગાંવ

**૧૨ જાન્યુઆરી** (ગુરુ) - સાંજે ૫-૩૦ થી ૮ - **સત્સંગ** (ટોપિક - મનુષ્ય જીવનનો ધ્યેય)
**૧૩ જાન્યુઆરી** (શુક્ર) - સાંજે ૫ થી ૮-૩૦ - **જ્ઞાનવિધિ**
**૧૪ જાન્યુઆરી** (શનિ) - સાંજે ૫-૩૦ થી ૮ - **આપ્તપુત્ર સત્સંગ**
**સ્થળ :** બાલગંધર્વ ખુલે નાટ્યગૃહ, બી.જે. માર્કેટની સામે, **જલગાંવ** (મહારાષ્ટ્ર). **સંપર્ક :** ૮૮૦૬૮૬૯૮૭૪

### મહેસાણા

**૪ ફેબ્રુઆરી** (શનિ) - સાંજે ૭-૩૦ થી ૧૦-૩૦ - **સત્સંગ** (ટોપિક - ભ્રાંત પુરુષાર્થ - યથાર્થ પુરુષાર્થ)
**૫ ફેબ્રુઆરી** (રવિ) - સાંજે ૫ થી ૮-૩૦ - **જ્ઞાનવિધિ**
**૬ ફેબ્રુઆરી** (સોમ) - સાંજે ૭-૩૦ થી ૧૦-૩૦ - **આપ્તપુત્ર સત્સંગ**
**સ્થળ :** પોલીસ પરેડ ગ્રાઉન્ડ, પોલીસ હેડ ક્વાટર્સ, સિવિલ હોસ્પિટલની પાસે, **મહેસાણા**. **સંપર્ક :**૯૪૦૮૫૫૧૫૦૧

### અમદાવાદ

**૧૦ ફેબ્રુઆરી** (શુક્ર) - સાંજે ૭ થી ૧૦ - **સત્સંગ** (ટોપિક - કષાય ઘટાડે તે ધર્મ)
**૧૧ ફેબ્રુઆરી** (શનિ) - સાંજે ૭ થી ૧૦ - **સત્સંગ** (ટોપિક - એડજસ્ટમેન્ટથી થાય સંસાર રૂપાળો)
**૧૨ ફેબ્રુઆરી** (રવિ) - સાંજે ૫ થી ૮-૩૦ - **જ્ઞાનવિધિ**
**૧૩ ફેબ્રુઆરી** (શનિ) - સાંજે ૭ થી ૧૦ - **આપ્તપુત્ર સત્સંગ**
**સ્થળ :** રીવર ફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર, ટાગોર હોલની પાછળ, રીવર ફ્રન્ટ રોડ, પાલડી. **સંપર્ક :** ૯૯૦૯૫૪૫૯૯૯

### હિંમતનગર

**૧૮ ફેબ્રુઆરી** (શનિ) - સાંજે ૬ થી ૯ - **આપ્તપુત્ર સત્સંગ**
**૧૯ ફેબ્રુ** (રવિ) - સાંજે ૫-૩૦ થી ૯ - **જ્ઞાનવિધિ**
**૨૦ ફેબ્રુઆરી** (સોમ) - સાંજે ૬ થી ૯ - **આપ્તપુત્ર સત્સંગ**
**સ્થળ :** મોડાસીયા કડવા પાટીદાર સમાજ વાડી, સહકારી જિન ચાર રસ્તા પાસે, NH-8. **સંપર્ક :** ૯૮૨૫૮૨૩૭૬૬

### અડાલજ ત્રિમંદિર

**૧૭ માર્ચ** (શુક્ર) - સાંજે ૪ થી ૭ - **સત્સંગ** તથા **૧૮ માર્ચ** (શનિ) - સવારે ૧૦ થી ૧૨ - **આપ્તપુત્ર સત્સંગ**
**૧૮ માર્ચ** (શનિ), સાંજે ૪ થી ૭-૩૦ - **જ્ઞાનવિધિ**
**૧૯ માર્ચ** (રવિ) - સાંજે ૪-૩૦ થી ૧૦ - **પૂ. નીરુમાની ૧૧મી પુણ્યતિથિ પર વિશેષ કાર્યક્રમ**

જાન્યુઆરી ૨૦૧૭
વર્ષ-૨૨, અંક-૫
સળંગ અંક-૨૫૭

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
Reg. no. of Newspaper 67543/95
Reg. no. GAMC - 1143/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/23/2015
Valid up to 31-12-2017
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 1st of each month.

## વિષયોમાં સુખબુદ્ધિ કોને ? એનો ઉપાય શું ?

મેં તમને જે આત્મા આપ્યો છે, એને આ પાંચ ઈન્દ્રિયોના વિષયમાં સુખબુદ્ધિ જરાય નથી. આ સુખ એણે કોઈ દહાડો ચાખ્યું પણ નથી. એ જે સુખબુદ્ધિ છે તે અહંકારને છે. સુખબુદ્ધિ એ વસ્તુ આત્માની નથી, એ પુદ્‌ગલની વસ્તુ છે. જે કોઈ પણ વસ્તુ તમને આપે, તેમાં તમને સુખબુદ્ધિ ઉત્પન્ન થાય. ફરી એની એ વસ્તુ વધારે આપે તેમાં દુઃખબુદ્ધિય ઉત્પન્ન થાય, કંટાળો આવે પછી. માટે એ પુદ્‌ગલ છે, પૂરણ-ગલનવાળી વસ્તુ છે. એટલે એ કાયમની વસ્તુ નથી, 'ટેમ્પરરી એડજસ્ટમેન્ટ' છે. સુખબુદ્ધિ એટલે આ કેરી સારી હોય ને તેને ફરી માગીએ, તેથી કંઈ તેમાં સુખબુદ્ધિ ગણાતી નથી; એ તો દેહનું આકર્ષણ છે. એને ને આત્માને કશી લેવાદેવા નથી. ફક્ત તમને પોતાનું સુખ આવવા ના દે. તે સામાયિકમાં એ વિષયને મૂકીને પોતે ધ્યાન કરે તો એ વિષય ઓગળતો જાય, ખલાસ થઈ જાય.

- દાદાશ્રી

માલિક-મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - શ્રી ડિમ્પલ મહેતાએ અંબા ઓફસેટ, બેઝમેન્ટ, પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.